આર્ય વિધવા.

પ્રથમ ભાગ.

કર્તા

અમૃતલાલ સુંદરજી પઢીઆર ચોરવાડકર.

મુંબઈ:

ન્હા. ર. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપ્યો છે.

૧૮૯૧.

કીંમત પાંચ આના.

આર્ય વિધવાનો પ્રથમ ભાગ કર્તા પાસેથી મળશે. ઠેકાણું મુંબઈ બહારકોટ ચંપાગલી મુલજી જેઠા મારકીટની ચાલીમાં.

૪૬૫૪

અર્પણ પત્રિકા.

માનવંતા મેહેરબાન શેઠજી સાહેબ

શેઠ લક્ષ્મીદાસ ખીમજી

જસ્ટીસ ઓફ ધી પીસ.

આપ વિદ્યાવૃદ્ધિના કાર્યમાં ઉલટથી ભાગ લોછો, સુધારાના કાર્યમાં આગેવાન છો, સ્ત્રી કેળવણીનાં જીજ્ઞાસુ છો, હિંદના હિતેચ્છુ છો, સુલેહના અમલદાર છો, દેશની દાઝ જાણવાવાલા છો, આર્યની ઉન્નતિ ઈચ્છનાર છો, કુટી રૂઢીને ફટકો મારનાર છો, અબલાને યોગ્ય હકો અપાવવામાં તત્પર છો, ગરીબના બેલી છો, રજવાડાના રાજ્ય સ્થંભ છો, વ્યાપાર વૃદ્ધિના ઉત્સાહિત છો, સુત્રયંત્રના તંત્ર ચલાવનાર છો, દિલના દયાલુ છો, મનના માયાલુ છો, સન્નમાર્ગે ચાલનારા છો, લક્ષ્મીના દાસ નહીં, પણ લક્ષ્મીને દાસી ગણનાર છો, સ્વતંત્રતાને માન આપનાર છો, હિંમતી, આગ્રહી, અને ઉત્સાહિત વૃત્તિના છો, ગુણીની કદર જાણનાર છો, ઈત્યાદી ઈત્યાદી મહાન ગુણથી પ્રજા મંડળમાં આપનું નામ પ્રિય થઈ પડેલું છે અને કીર્તિનાં ઝરણો દેશ વિદેશ પ્રસરેલાં છે, તેમજ મારી ઉપર અપુર્વ પ્રેમ રાખનાર છો તેથી આકર્ષાઈ મારૂં રચેલું આ **"આર્ય વિધવા"** નામનું લઘુ પુસ્તક આપ સાહેબને અંતઃકરણના પ્રેમથી અર્પણ કરૂંછું તે સ્વિકારશોજી.

હું છું,

આપનો આજ્ઞાકિત સેવક,

અમૃતલાલ સુંદરજી પઢીઆર.

પ્રસ્તાવના.

अप्रियस्य पथ्यस्य श्रोता वक्ताच दुर्लभः

પુનર્લગ્ન કરવાં કે ન કરવાં એ એક અતિ મોટો, અતિ કઠિન, અતિ ગંભિર, અતિ સંશયયુક્ત, અતિ અગત્યનો અને અતિશય ધર્મને લગતો વાંધાવાળો સવાલ છે. તેનું નિરાકરણ કરવું એ અલ્પ મતિનું અથવા અલ્પ મનુષ્યનું કામ નથી. પણ પુનર્લગ્ન નહીં થવાથી વિધવાને જે વિપત્તિ ખમવી પડેછે તથા હિંદુસ્તાનને જે નુકસાની ભોગવવી પડેછે તેનો અતિશયોક્તિ–મસ્કા રહિત ભાષામાં બને તેટલો ખરો ચિત્તાર પ્રજા હજુર રજુ કરવો એ આ વિશયનો મૂળ ઉદ્દેષ છે.

"આર્ય વિધવા"ના લખાણ ઉપર કદાચ કઠિનતા–સખ્તાઇનો દોષ કોઈ મૂકી શકશે એમ હું ધારૂંછું પણ મારી એકવીસ વરસની તરૂણ વય, વૈધવ્ય વિષય, અને પ્રથમ પ્રયત્નને લીધે એવા દોષની વાંચનાર દરગુજર કરશે એમ આશા રાખુંછું.

પુસ્તક પ્રસંગમાં શેઠ દામોદર લખમીદાસ તથા મી. છોટાલાલ આણંદજીએ તસ્દી લઇ મને આભારી બનાવ્યોછે જેથી આ જગ્યોએ તેમનો ઉપકાર માનતાં આંનદિત થાઉછું.

મુંબઈ તા૦ ૩૧ મે ૧૮૯૧. કર્તા.

૪૬૫૪

આર્ય વિધવા.

આ ચિત્ર જોયું કે ?

નાહીં, લાવો જોઇએ એ શેનું ચિત્ર છે? અરે આ તો કોઈ દુ:ખી અબળાની હાલતનું દયામણું ચિત્ર દેખાયછે! આ તો કોઈ હિંદુ અબળાજ જણાયછે. નહીં નહીં કોઈ બીજી સ્ત્રીનું ચિત્ર હશે. હિંદુ સ્ત્રીની હાલત આટલી બધી કરૂણાજનક ન હોય. મી૦ આ કોણ સ્ત્રીનું ચિત્ર છે? આટલી બિામણી હાલત આ સુધરેલા જમાનામાં કઈ સ્ત્રીઓને ભોગવવી પડેછે?

એ ચિત્ર ઉપરથી તમે કોણ સ્ત્રી ધારોછો?

ઓગણીસમી સદીના વિદ્યા હુનરના બળથી આપણા એકાંત ઓરડામાં બેસીને દુનિયાના દરેક ભાગની બારીક હકીકત જાણી શકીએ છીએ. કેટલીક જગ્યાએ મારા વાંચવામાં કેટલીક પ્રાચિન પ્રજામાં અને અર્વાચિન, ચીન, આસ્ટ્રેલીયન, આફ્રિકન ઇત્યાદી લોકોમાં સ્ત્રીઓ ઉપર ઘાતકીપણું ગુજારવાનો રિવાજ છે એમ મારા વાંચવામાં આવ્યુંછે પણ મેં તેઓના ફોટોગ્રાફ જોએલાછે તે ઉપરથી કહી શકુંછું કે આ ચિત્ર જેવી ચિત્રી ચડાવનાર હાલત તેઓની નથી. ભલે તેઓ પર માર પડતો હોય, જુલમ સાંખવો પડતો હોય, સખત મેહેનત કરવી પડતી હોય અને છુટાપણું ન હોય તોપણ તેઓના ગાલની સુરખી, ચેહેરાની લાવણ્યતા અને શરિરની સૌંદર્યતા કાંઈ ઓછી થતી નથી. હું માનુંછું કે તેઓનાં હૃદય પ્રફુલ છે. ઉપરની, દુનિયાંને દેખાતી હાલતથી અંત:કરણની ખરી હાલતનું તોલ થઇ શકતું નથી.

આ નિસ્તેજ વદનવાળી અશ્રુ પાડતી, નિ:શ્વાસ નાખતી, ગાલે હાથ દઈ ઉંડા ગમમાં ઉભેલી બુઢી દિસતી બાળા વિદેશીય હોય એમ તો નથી લાગતું. પતિથી નારાજ થએલી પ્રમદા હોય એ પણ માનવા જોગ નથી. જો તેમ હોય તો એટલી બધી કરૂણાજનક ન હોય. સાસુ સાથે કજીઓ

કરેલી આ સ્ત્રી નથી. જો તેમ હોય તો તેનો ક્રોધાંત ચ્હેરો કાં ન હોય અને લાંબી જીભ ચાલતી કાં ન હોય? સંતતિના સંતાપમાં સડતી આ બાળા નથી. જો તેમ હોય તો દોરા અને માદરડી કાં ન હોય? જો ભુતના ભયવાળી આ ભામિની હોય તો હેબતાઈ ગએલી સગાઓની વચ્ચે પડેલી કાં ન હોય? ઈશિકમાં દીવાની બનેલી આ લૈલી નથી. જો તેમ હોય તો વ્યભિચારી ભાવનો પ્રકાશ કાં ન હોય? જો નર્મદાશંકરે વર્ણવેલી વિરહિણી હોય તો ટુંકા ઉતરાવેલા બાલ ક્યાં હોય? જો ભક્તિભાવમાં શાંત રસમાં ઉતરી ગએલી આ લલના હોય તો નાડીમાં જુસ્સો, નિશ્વાસમાં ના ઉમેદ અને હ્રદયમાં અતિ ધબકારો કાં હોય? જો સંન્યાસીની વારતામા આવતી મરીચીના જેવી વિરબાળા હોય તો અશ્રુ પાડતી નિરાશ• કાં હોય? જો મોરોત્રિમળે પકડેલી તારાબાઈ હોય તો બેશુધ કાં ન હોય? જો લુચા જમસુના ઝપાટામાં આવેલી દુ:ખીઆરી બચુ હોય તો એવા શાંત ગભરાટમાં કાં હોય? જો વિરનારી ચંદા હોય તો વિદેશીય લોકનું રૂધિર પીવા તલપતી કાં ન હોય? જો અકબરને ધ્રુજાવનાર પૃથુરાજની પત્નિ લાલબા હોય તો પાસે કટારી કાં ન હોય? જો સોનરાણી હોય તો ચાંપરાજહાડાના ફિટકાર પછી તેને એમ શાંત ઉભવા વખતજ ક્યાં મળ્યોછે? જો ભરથરીએ તજેલી પીંગળા હોય તો વિલાપ કરતી કાં ન હોય? જો સરસ્વતિ ચંદ્રએ છોડી દીધેલી કુમુદ સુંદરી હોય તો એમ જાહેરમાં દિલગીરી કેમ દેખાડી શકે? જો કાળાત્રાવાના કીલ્લાની વારતામાં આવતી પાપી વીલેનાને હાથ પડેલી જોઆન હોય તો પ્યારા બરથોલ્ડને બચાવવાની આજીજી કરતી અને મોતને આધિન થવા ઉત્સાહિત કાં ન હોય? જો અશ્રુમતીને ઉઠાવી ગયાનો અફસોસ કરતી ભીલની ગુફામાં ઉભેલી રાણા પ્રતાપસિંહની રાજમહર્ષી હોય તો વિકટ પર્વત અને અઘોર અરણ્યનો દેખાવ કાં ન હોય? જો પૃથુરાજ ચોહાણને લઢાઈમાં જવાની ના પાડતી સંયુક્તા હોય તો અલંકારયુક્ત કાં ન હોય? જો સિધરાજ જયસીંહને હાથ પડેલી રાણીકદેવી હોય તો સતિત્વના શુરવાળી કાં ન હોય? જો ડુંગરોમાં ભીલની સાથે ભટકતી જયશિખરની પટરાણી રૂપ સુંદરી હોય તો દુ:ખમાં આશાવંત ગર્ભવંતી કાં ન હોય? જો ચંદ્રાપીડના મૃત્યુથી

શોકાગ્નિમાં બળતી કાદમ્બરી હોય તો પાસે મહાશ્વેતા કાં ન હોય? જો પતિથી અપમાન પામેલી શાંકુતલા હોય તો મુદ્રિકાની શોધમાં મચેલી કાં ન હોય? જો જુગટાંમાં હારેલા પાંડવોની નિરાશ થએલી પત્નિ દ્રૌપદી હોય તો દુર્યોધન તરફ ધિકારની નજર ફેંકતી કાં ન હોય? જો નળે જંગલમાં તજેલી દુઃખી દમયંતી હોય તો અર્ધપટકુળ કાં ન હોય? અને જો રાવણે હરણ કરેલી સતિ સિતા હોય તો રામવિના ભાન ભૂલેલી કાં ન હોય?

આ દુઃખી અબળા કોણ છે? શું દુઃખમાં ડુબેલીછે? અને કોણ દુષ્ટ તેને કષ્ટ આપેછે? એ જાણવું જરૂરનું છે. હું ધારૂંછું કે એ ખુલાસો તમે કરી શકશો.

આ દુઃખી અબળા બીજી કોઈજ નહી પણ આપણી કુલીન "આર્ય વિધવા" છે. વૈધવ્ય દુઃખમાં ડુબેલીછે અને તમે સાંભળીને નાખુશ થશો કે તેને રીબાવનાર કુલિન આર્ય ભ્રાંતો છે.

(અચરત થઈને) શું આપણી વિધવાઓના હાલ એવા બે હાલ છે! હું તેઓની બારીક હકીકત જાણવા ઈચ્છુંછું. આ પ્રસંગે આટલું તો જણાવવું જોઈએ કે આ ફોટોગ્રાફ કેવો આબેહુબ છે? વિદ્યા હુનરના બળથી કાળાં માથાંના માનવીને કેટલું બધું નવું નવું જોવા જાણવાનું મળી આવેછે? જેમ જેમ આ ચિત્ર બારિકીથી જોઉછું તેમ તેમ તાદૃશ્ય ખરો ચિત્તાર હૃદયમાં રજુ થાયછે. અરે ભગવન! આવાં ચિત્ર જોઈ જેના નિષ્ઠુર હૃદયમાં, દયાનો સંચાર નથી થતો, તેને આદમ તરીકે કેમ ઓળખી શકાય? તેવા પાષાણ વત્ હૃદયનાને મનુષ્યનું મુબારક નામ કેમ આપી શકાય? તેવા લોહવત્ હૃદયનાને મનુષ્યની પંક્તિમાં કેમ મૂકી શકાય?

આવાં ચિત્રો જોવાવાળા બહુ થોડા છે. આપણા સ્વદેશી ભાઈઓની બેહેર મારી ગએલી લાગણીઓ હજુ જાગ્રત થઈ નથી. આપણા સ્વજાતી શ્રીમંતોના દિવાનખાનાંની ભીંતે લટકાવેલા ફોટોગ્રાફ જ્ઞાન કરતાં, શોભાનો લાભ વધારે આપેછે અને તેઓનો હેતુ પણ એજ હોયછે. તમે ઘણી જગ્યોએ પ્યારનાં ચિત્રના અને નવી જાતનાં માછલાં આદિ પ્રાણીઓના ફોટોગ્રાફ જોશો પણ વિધવાના દુઃખદાયક ચિત્રના ફોટોગ્રાફ ભાગ્યેજ કોઈકજ સ્થળે જોશો. આ શું કુલિન આર્યોનું દયાહિનપણું જા-

ણવાને માટે બસ નથી ? અરે શું આર્યોની દયા કીડીયોને કીડીયારૂં પૂરવામાંજ પૂરી થઈ રેહેશે? મસ્તાન ભીખારીને ચપટી ચોખા — લોટ આપવામાંજ દયાની હદ ભરાઈ રેહેશે ? ભમાવનાર ભૂદેવોને મોદકનો પ્રસાદ પુરવામાંજ દયા સમાપ્ત થશે ? સાપ, વિંછુ, મગર, વાઘ આદિ ઉપદ્રવ કરનાર હિંસક પ્રાણીને બચાવવા યત્ન કરવાથીજ દયા દીર્ઘ ગણાશે ? લોહી માંસ જોઈ સુગ ચડાવ્યાથી દયા વધી કહેવાશે? હડકાયાં કૂતરાંને મારી નાંખતાં જોઈ મોં આડું લુગડું દઇ ચાલ્યા જવાંથીજ દયા પાળી ગણાશે? અને શ્રીમંતોએ સદાવ્રત બાંધવામાંજ શું આપણી દયાનો છેડો આવી રહેશે ? ખરી દયામાં આપણે હજુ સમજતા નથી. ઉપલી અને એવીજ બીજી સઘળી દયામાં થોડા ઘણા પણ પૈસાનો ખર્ચ થાયછે પણ વગર પૈસે ખરી દયા મેળવતાં હજુ આપણે શિખ્યા નથી. મધ્ય કાળમાં ગ્રેટબ્રિટનનાં અમીરનું હરણ હણનાર મનુષ્ય ફાંસીને લાકડે લટકતો એ સાંભળી આપણે તેઓના ઈનસાફની ઈર્ષ્યા કરશું, તેઓની રીતને વખોડશું, તેઓની અકલપર આફરીન કહેશું અને અમીરના એક હરણના મોત સારૂ મનુષ્યનો કીંમતી જાન જતો જોઈ હાસ્ય કરશું. ત્યારે આપણા રિવાજ તરફ તો મેહેરબાન જરા નજર કરો. ચોમાસાંમાં કુદરતી રીતે ઉત્પન્ન થતાં અલ્પાયુશી અળશીયાંને બચાવવા આપણે યત્ન કરીએછીએ, જુ, માંકડ, ચાંચડને મારતાં આપણે અંચકાએછીએ પણ અનાથ અબળા, દુઃખી વિધવા અને નાચાર કુમળાં બાળકના આપણી કસુરે અકાળ મોત અરે ખુન થતાં જોઈ આપણી આંખો ક્યાં ઉઘડેછે ? આપણા લોકોને મન, માંકડ મચ્છર કરતાં અબળાનો જાન ક્યાં વધારે કિંમતી છે ?

આર્ય વિધવાએ[1] રંગે નહીં વર્તાય તેવું મેલથી મલિન થએલું માથા વટીએથી જરા ફાટેલું આછાં છાએલ જેવું, સાદું ગામડીયાની સ્ત્રીઓ ઘ-

---

[1] આ દેખાવ સર્વ વિધવાને લાગુ પડેછે. કોઈને કાંઇ ને કોઈને કાંઈ, એકી વખત અમુક વિધવામાં સર્વ ચિન્હ હોતાં નથી તેથી ક્યાંઈ વિરોધાભાસ જણાયતો કર્તાનો દોષ નથી.

રમાં રાંધતી વખતે પ્હેરેછે તેવું વસ્ત્ર પેહેરેલું હતું. તેવીજ કિસમની એક હલકી કાંચળી પેહેરેલી હતી.

આર્ય અબળાઓમાં પગરખાં નહી પેહરવાના રિવાજથી કોમળતળી સુખમાં કઠિન બનેલી હતી પણ વૈધવ્ય પાછી તેને કોમળ બનાવી કઠિ-ણતા જણાવતું હતું.

ધુંટણનું મોટું દેખાતુ હાડકું ખુબસુરતીમાં ખોટ, વિપત્તિમાં વધારો અને આર્ય વિદ્વાનનું દ્દઆહિનપણું બતાવતું હતું.

પીડીએ જાણે માંસનો ત્યાગ કર્યો હતો તેથી પગ નળાનો સામાન્ય દેખાવ બેડોળ દિસતો હતો.

સ્વામીના સ્વર્ગવાસથી દેખાદેખીએ આર્ય રૂઢી મુજબ રડા પીટ ક-રતાં પછાડા ખાવાથી ગોઠણની ઢાંકણીયો ઢીલી થઇગયાનું અનુમાન થતું હતું.

જાંઘનો સામાન્ય દેખાવ કાપેલા સુકાએલા નિસ્તેજ કદળી સ્થંભનો આભાસ આપતો હતો ![૧]

તેની ગુહ્યેંદ્રીનું યથેષ્ટ વર્ણન કરતાં મને બિભત્સપણાની ધાસ્તી રહેછે.

મુત્ર કૃચ્છનો સાધ્ય રોગ જાણે તેને લાગુ થયો હતો. પિતવર્ણ પે-શાબ જાણે શરિરની અગ્નિ સાબીત કરતો હતો.

મળ પણ બળ કરાવતો હતો. તેણે જાણે શુષ્કતા સંપાદન કરી હતી. દયાના જુસ્સાથી જાણે દુખીઆરીને તે હમેશ તસ્દી આપવા યોગ્ય ધારતો ન હતો. હું વધુ ચાલ્યો જઈશ તો તેનું નાજુક શરિર લાંબી મુદત ટકશે નહી એ ધાસ્તીથી તે જાણે બે ત્રણ દિવસે અલ્પ અલ્પ ઉ-તરતો હતો.

કૃષ ઉદરથી વિષેશ પાતળી થએલી કમર જાણે ખુબસુરતી વધારી કેશરીની હરીફ થવા ઇચ્છતી હતી.

કૃષ કરચલીવાળું ઉદર જાણે જરાનો ખ્યાલ આપી તેની મશ્કરી કરતું હતું.

---

[૧] એવી જાતનાં કેટલાંક ઉદાહરણ નજરે જોવાનાં નહી પણ અનુમાનીક છે.

સ્તને કઠિનતા સાથે શિથિલતા ગ્રહણ કરી હતી. ચાલવાથી તે કં-પતાં હતાં અને તેથી જાણે આફતથી તે કંપતાં હોય એમ અનુમાન થતું હતું. તેની શ્યામ ડીંટડીએ વિપત્તિથી જાણે વિશેશ શ્યામતા ધારણ કરી હતી. તેની કૃષતા વિશયી પુરૂષોની વૃત્તિ ખેંચતી હતી. વૈરાગ્યમાં તે સમજ્યાં ન હોતાં. વિપત્તિથી તે વધુ ઉશ્કેરાએલાં હતાં.

બાહુ પણ બળહિન દિસતા હતા. સધવાપણામાં તંગ રહેતી ચોળી વૈધવ્ય હોળીથી ઝોળી જેવી દિસતી હતી.

હસ્તને ખાત્રી હતી કે જો આપણામાં મસ્તપણું રહેશે તો તેની છાતીને મારવાનું નિર્દય કામ કરવું પડશે તેથી તે જાણે નરમ બની ગયા હતા.

કોણીના હાડકાંના ચણીયારાં વારે વારે શિર કુટવાથી શિથિલ થઈ ગ-એલાં દિસતાં હતા.

કઠીન સ્તનના મારથી જાણે હસ્તએ મસ્તપણુ મૂકી દીધું હતું. કુમળા હસ્તને શિક્ષા કરવા જાણે સ્તને કઠિનતા જાળવી રાખી હતી. સ્તનને સ્વામી સાથે વિશેશ સ્નેહ હોવાથી જાણે તેના વેરી તેના સુખમાં આડે આવનાર સ્વામીની કોટ પકડનાર હસ્ત અદેખાઈથી દયાહિનપણે સ્તનને મારમારી રાજી થતા હતા. સ્તન પણ જાણે સ્વામીના પ્યારમાં મગ્ન બની વિરૂધીયોનો માર ખાવામાં પણ મજે માની આગળ આગળ ઉછરતાં હતાં. પ્રથમ ભોગવેલ પ્યારની જાણે તેને શિક્ષા થતી હતી. અ-વિવેકીપણાનો જાણે તેને બદલો મળતો હતો. પરપુરૂષનાં હૃદય ભેદ-વાના પાપનું તે જાણે ફળ ભોગવતાં હતાં. કુટણાથી કાંડુ ખડી જવાની ધાસ્તી લાગતી હતી. હથેળીની કોમળતાને પણ જાણે વિપત્તિએ વિદા-યગીરી આપી હતી, તેની કૃષતાથી શુભ રેખાઓ વધુ સ્ફુટ દિસતી હતી અને તેથી જાણે સામુદ્રિક તેના અશ્રુ પ્રવાહના ધોધમાં ધોવાઇ ગયું હોય એમ લાગતું હતું.

તેનાં આંગળાં ભાગેલાં જેવાં અને નખ નિસ્તેજ દિસતા હતાં તેની કોટ કોઈ પણ જાતના અલંકાર રહીત હતી. તેના અધર શ્રિમંત કુલિન કાંન્તાના જેવા તાંબુલથી રંગેલા ન હોતા પણ હરઘડી વેહેતી લાળ અને

થુંકથી ભીનાશયુક્ત દુઃખમિશ્રીત શ્યામ લાલ દિસતા હતા. જો કે શરિરના ઘણા ભાગે વિપત્તિમાં ભાગ લીધો હતો પણ નિષ્ઠુર દાંતે તેમ કરવામાં ઠ્હા-પણ વિચાર્યું ન હોતું. હમેશાની સહવાસિની સ્વાદિષ્ટ જમાડનાર જીભ તથા હાથને પણ કરડવામાં તેઓ આંચકો ખાતા નથી તો આ બીચારીની તેઓને શી દયા આવે. તેઓ જેવાને તેવા ચળકતા આબાદ સરસ દાડ-મની કળી જેવા હારબંધ શોભી રહ્યા હતા તેની આપત્તિની તેના ઉપાંગની જાણે મશ્કરી કરતા હોય; તેની ખુબસુરતી જાણે જાળવી રાખવા માંગતા હોય અને તેનો ગુસ્સો ઉશ્કેરવામાં જાણે સ્હાય ભુત થતા હોય તેમ દર સવારમાં તેઓ વિશેષ ચળકતા થતા હતા. જો કે ચિવટ દારીથી દાંત નહીં ઘસતાં છતાં પણ થુંક લાળ ને જીભ તેની મરજી ઉપ્રાંત પાલીસ કરતાં હતાં.

રસના ચળવળાટવાળી જીભે પણ આ ચપળાના દુઃખમાં ભાગ લેવા જાણે સ્વાદ ચાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેની (વિધવાની) વિપત્તિથી જાણે તેને (જીભને) વૈરાગ્ય આવ્યો હોય, નિલકંઠના કંઠમાં સ્થિર રહેલું હળાહળ વિષ જાણે તેમાં પ્રસરી ગયું હોય, નવકુળ નાગના દંતમાં રહેલું વિષ જાણે તેમાં ધુસ્સી ગયું હોય અને દુર્જનનીવાણીના વિષે જાણે તેમાં પ્રવેશ કર્યો હોય તેમ તેણે સ્વાદ તજી દીધા હતા.

તેની વાણી પણ દુઃખથી જાણે ગાંડી બની ગઈ હતી. તે ઠેકાણા વિનાનું બોલતી હતી. ધણીની ગેરહાજરીમાં જેમ નોકર ઉન્મત્ત થઈ જા-યછે તેમ સ્વધણી સીધાવ્યાથી નમ્રવાણી પણ ઉન્મત્ત બની હતી. અરરરર ઓય ઓય હાય હાય આવા દોહ્યલા દિવસ કેમ જશે? અરે મારૂં કેમ આવી....ખુ....તું એમ ભાગ્યું તુટયું બોલતી પ્રથમ જેના ગુણ ગાતી તેના-પર હાલ ધિઃકાર વરસાવતી, ફિટકાર દર્શાવતી અને શ્રાપ નાખતી હતી.

તેની નાશિકાનો સામાન્ય ઘાટ સરસ હતો તોપણ તેનો અગ્રભાગ વારે વારે લુગડે લુંછવાથી (ઘસવાથી) લાલ થએલો હતો. બે નસકોરાંમાંથી વેહેતો પ્રવાહી તેનું મગજ ખાલી કરી નાંખતો હતો. વારે વારે નિઃશ્વાસ મૂકવાથી તે એક નાની ધમણનો ખ્યાલ આપતું હતું અને તેમાંથી નિકળતી અનંગ જવરથી ઉષ્ણ થએલો હવા હવાના જંતુની હીંસા કરતી હતી.

ગાલપર લાલીને બદલે ફિકાશનો આભાસ માલુમ પડતો હતો. તે

દુખિઆરીના નરમ ગાલ જાણે દુખની દયા ખાઈ ઉંડા પેસતાજતા હોય એમ જણાતું હતું. દુઃખમાં ભાગ લેતા હોય તેમ તેણે તેજસ્વીતા તજી દીધી હતી. ચક્ષુના ગરમ અશ્રુ જળથી જાણે તેણે લાલી ધોઇ નાખી હોય એમ લાગતું હતું.

તેની આંખ ચંચળ તોપણ ઉંડી ગએલી હમેશ અશ્રુ પ્રવાહ વહેવાથી ખાલી થએલી, અંતરના પાણીથી ભીંજાએલી, ચિરડાએલી, યોગ્ય જુસ્સાથી ચળકતી, ચો તરફ ટીકતી અને વિદ્વજ્જનની દયાનું દાન લેવા ઇચ્છતી દિસતી હતી. તેનું કપાળ પહોળું, મ્હોટું, સ્વચ્છ અને રેખા વિનાનું હતું તેથી જાણે વિધાત્રી સુખનો લેખ લખવું ભુલી ગઈ હોય એમ લાગતું હતું.

શ્રૃતિને અગાઉ શ્રુતિનો સમંધ છતાં પણ હાલ શ્રુતિનું શ્રવણ તેને સંતાપ ઉત્પન્ન કરતું હતું. જાણે મારે વિશે કાંઈ વાત થાયછે એમ તેને ભણકારા લાગતા હતા.

તેના મસ્તકપર ટુંકા ટુંકા, છુટા છુટા, સ્નેહ રહિત, મેલ સહિત, કાળા, સુંમાળા, નરમ બાલ હતા અને તે દેખાડતાં જાણે શરમાતી હોય તેમ તેણે આઘું ઓઢેલું હતું. તેના વેશનો ખરો ચિત્તાર આપવાને માટે માત્ર તે કેશજ બસ હતા.

તેનો ચેહેરો નમુનદાર તોપણ નરમ હતો અને તે ઉપર દુઃખની આબાદ છાંયા છવાઈ રહી હતી. તેની બારિક સ્થિતીનું મનન કરનાર સુજ્ઞજનને શંસય ઉત્પન્ન થતો કે એટલા મોટા અશ્રુ પ્રવાહનો મહાસાગર તેના કૃષ અંગમાં કહી જગ્યોએ રહેતો હશે. મને લાગેછે કે આર્યની સમૃદ્ધિ વિધવાના અશ્રુ પ્રવાહમાં તણાઈ જતી હોવી જોઇએ. આર્ય ધર્મ વિધવાના અશ્રુ સાગરમાં ડુબી જતો હોવો જોઇએ. આર્ય વિદ્યાનો વિધવાની અશ્રુ તલાવડીમાં અસ્ત થતો હોવો જોઈએ. વિધવાના અશ્રુબીંદુ રૂપી તિરથી સમસ્ત આર્ય પ્રજાના અંગ નિર્માલ્ય નિસ્તેજ દુઃખથી પિડિત થતાં હોવાં જોઈએ. આર્યમાં અનીતિ વિધવાના અશ્રુ પ્રવાહમાં તણાઈ આવતી હોવી જોઇએ. કામદેવ રૂપી મગર વિધવાના અશ્રુ સાગરમાં ઉછરતો હોવો જોઇએ અને ક્રોધ, લોભ, મોહમદ, આશા, તૃષ્ણા, હિંસા, ઈત્યાદી

અધર્મના ઝાડ વિધવાના અશ્રુજળથી તાજાં રહેતાં હોવાં જોઈએ. આ નાચાર અબળા ઉપર દયા કરીને જાણે તેને પાવન કરવા શ્વેતસ્વેદ રૂપે શ્રી ગંગાજી તેના અંગમાં પધાર્યાં હોયની એમ લાગતું હતું. આવી હાલતમાં જાણે તેને કપડાં ધોવાની મેહેનત આપવી દુરસ્ત નહીં ધારી વૈધવ્યે સ્વેદજળને તેનાં કપડાં ધોવાનો હુકમ કર્યો હતો અને અંગની અગ્નિને શિર જાણે તેને સુકવવાનું કામ સોંપ્યું હતું. જાણે વૈધવ્યાગ્નિએ તેનું શરિર શુષ્ક કરવાનું વ્રત લઈ અશ્રુ પ્રવાહને તેમ કરવા હુકમ કર્યો હોય અને તે એકલાંથી તેમ નહીં થતાં જાણે સ્વદજળની મદદ લીધી હોય એમ લાગતું હતું.

અગ્નિની અનેક જ્વાળાથી કૃષ તોપણ ઉજવળ થએલાં ક્રોધથી લાલ થએલાં અને અશ્રુજળથી ભીંજાએલ છેડા વડે ધોંવાએલ કપાળપર ફુટી નિકળેલાં શ્વેતસ્વેદ બિંદુ કીંમતી મોતીનો આભાસ આપતાં હતાં. જાણે કપાળ ઉપર બાલ પાસે રહેતી મુક્તાફળની શર વૈધવ્યે ઉતારી લઈ વિશેષ અફસોસ સારૂ સ્વેદબિંદુરૂપી મૌક્તિકનું આભુષણ અર્પણ કર્યું હોયની એમ લાગતું હતું.

ત્વચાએ તેજ તજી દીધું હતું. વૈધવ્ય અગ્નિએ રૂધિરની આહુતી અને દ્રવ્ય રૂપે માંસ શોષી લીધાથી કૃષ થએલાં શરિરમાં બ્હાર ઉપસી આવેલી નાડીઓ સ્ફુટ દિસતી હતી અને તે જાણે આપણાં વેદીયાં ઢોરમાં દયાનો જુસ્સો ઉશ્કેરવા યત્ન કરવા આવી હોય એમ દિસતું હતું. તેની વિપત્તિનો ખરો ખ્યાલ આપવાને માત્ર તે નાડીયોજ બસ હતી.

ધ્રુજથી ઉભાં થએલાં રોમાંચ જાણે આર્ય રૂઢીનાં બારિક તિર ખુંચી ગયાં હોયની એવાં દિસતાં હતાં. ક્રોધથી ઉભાં થએલાં રોમાંચ જાણે પુનર્લગ્ન દ્રોહિયોને મારવા શર ચડાવ્યાં હોયની એવો ખ્યાલ આપતાં હતાં.

જે સમયે તેના શરિરના ઘણા પદાર્થ કૃષતા ધારણ કરતા હતા તેજ વખતે અસ્થિ વધતાં જતાં હોય એમ લાગતું હતું. એ અસ્થિનો વધારો તેના ઘાટને બેડોળ બનાવી સમદર્શી મહાત્માને આર્યોનું કાણાપણું—અરે અંધાપો બતાવતો હતો. પવિત્ર આર્ય વિધવા યુવતિના હાલનો તે હેવાલ બતાવતો હતો. બાળ વિધવા પર વરસતા કેહેરનું તે ઝેર બતાવતો હતો અને ઉચ આર્યોની નીતિ રીતી જાણવા માટે તે એક પુસ્તકની ગરજ સારતો હતો.

તેના ભવ્ય કપાળનું માંગળીક ચિન્હ ટીલીવીલી થવાથી જાણે તે ઢીલી થઈ ગઇ હોયની. ટીલીના વિયોગે જાણે લીલીમટી ગઈ હોયની અને ટોલીની સાથે જાણે શક્તિરૂપી ચીલ્લી ઉડી ગઇ હોયની એમ લાગતું હતું. વિકટ વિપત્તિથી, વિરહથી, વિહવલ, શિથિલ કૃષ થએલાં સ્તનને જાણે હારનો ભાર ભારે લાગતો હોય, હાર જાણે ધાર મારતો હોય, હાર જાણે આહાર કરી જતો હોય, હાર જાણે વિહારની યાદનું દુઃખ આપતો હોય, હાર જાણે કાર ઘટાડતો હોય, હાર જાણે હાર્ય કરાવતો હોય, હાર જાણે જારનો આભાસ આપતો હોય, હાર જાણે વારન જવા દેતો હોય તેમ તેને ખારથી તજી દીધો હતો. આશકનું પ્રથમ ધ્યાન ખેંચનાર અસ્પર્શ અંગની શિથીલતાથી જાણે તેને સંતાપ ઉપ્ન્ન થયો હોય, હમેશ રમાડનાર સ્વામીના સ્વર્ગવાસથી જાણે તે શોક સીંધુમાં ડુબી ગયો હોય, શિથિલ ગાત્ર વિખરાએલ વાળ, દયામણો ચ્હેરો, અશ્રુ ખેરતી અવસ્થા અને નિસ્તેજ કૃષ સ્તનપર રહેતાં તે જાણે શરમાતો હોય, દયાની લાગણીથી દુઃખમાં ડહામ દેવા જાણે નહીં ઇચ્છતો હોય અને વફાદારી બતાવવા જાણે મિત્ર—ધણીની ગેરહાજરીમાં સ્તન રસ નહીં ચૂસવા ઠરાવ કરી ભાગી ગયો હોય એમ ભાસતું હતું.

કરનાં કનકનાં કંકણ કલંક—કનક[૧] જેવાં જાણી તજી દીધાં હતાં. બાંગડી જાણે બાળી દેતી હોય, બાંગડી જાણે બેડીવત્ હોય, બાંગડી જાણે શત્રુવત હોય, ચુડી જાણે કુડી–સુડી–શુળી જેવી હોય, ચુડી જાણે ચંડાળ હોય, અને ચુડી જાણે ચોરીની ચીજ હોવાથી ચોરની સાથે જતી રહી હોય તેમ તેણે તેનો ત્યાગ કર્યો હતો.

કનિષ્ઠિકાની કૃષતાથી માણીક મુદ્રિકા મોટી પડવાથી જાણે પડી ગઈ હોય—નિકળી ગઈ હોય એમ લાગતું હતું. સખીના શોકથી સંતાપ ઉત્પન્ન થવાથી જાણે અંધારી તીજોરીમાં છુપી ગઈ હતી. નિસ્તેજને તેજ નહી આપવું એ ખાસિયતને આધિન થઈ જાણે માણેક મુદ્રિકા નાશી ગઈ હતી.

ઘુઘરાવાળાં ઝાંઝરને ઘુરકતાં વાઘ જેવાં જાણી તેનાથી દુર રહેવા યત્ન કરતી હતી. ઝાંઝર પર ઝાંઝ ચડવાથી જાણે તેને ઝાઝે ચડાવ્યાં હોય

---

[૧] ધંતુરો.

એમ અનુમાન થતું હતું. ઘુઘરાનો રણકો તેનાં બિકણ થએલા મનને ભયંકર રણ ધ્વનિ જેવો લાગતો હતો. ઝાંઝરનો ઝણકો જાણે તેને જમના અવાજનો આભાસ આપતો હતો. ઘુઘરા જાણે નર જાતી હોવાથી નરની સાથે વિદાય થતા હતા. જાણે પ્રીતિની ખાતર ઝાંઝર ગયા છતાં પણ પોતાનો અવાજ તેની વાણીમાં મુકી ગયાં હતાં.

મગજ જાણે તેના અશ્રુજળમાં ડુબી ગયું હોય, જાણે તેના નિઃશ્વાસના ઢગલામાં ઢંકાઈ ગયું હોય અને જાણે હસ્તના મારથી ભાગી ગયું એમ ભાસતું હતું.

વિપત્તિમાં વફાદારી બતાવવા જાણે શ્વાસોશ્વાસની નળી તથા ફેફસાં બમણું કામ કરતાં હતાં જો કે તેનાં ઘણાં અંગે કૃષતા ગ્રહણ કરી હતી તોપણ ફેફસાંએ તો ફૂલવામાંજ મજે માની હતી. દુભાશિયા ડાકટર મારફત તેઓએ જણાવી દીધું હતું કે આવું સખ્ત કામ લાંબી મુદત સુધી અમે ચલાવી શકશું નહી. મોત જાણે તેના પર દયા લાવી શ્વાસોશ્વાસ રૂપે આયુષ્ય ખેંચી લેતું હતું. આયુષ્ય જાણે તેને વળગી રહેવા રાજી હોય તેમ વખતે વખતે બંધ પડતા શ્વાસોશ્વાસને ચલાવવાથી જણાતું હતું.

અન નળ પણ જાણે તેનું દુઃખ જોવા રાજી હોય તેમ તેણે સ્વમુખ સાંકડું કરી દીધું હતું. બદસુરતીનો જાણે જમનો સીપાઈ તેને સાંકડો રેહવા હુકમ કરતો હોય તેમ તે માત્ર પરાણે પોશણ જેટલોજ ખોરાક ઉતરવા દેતો હતો.

તેના પરની આફતથી જાણે રક્તાશયની કોથળી પણ ચકરમ બની ગઈ હતી. કુદરતના આરોગ્યતાના નિયમ વિરૂદ્ધ તે જાણે બળાત્કારે કામ બજાવતી હતી.

જઠરસ જાણે ખુટી જવાની ધાસ્તીએ જરા જરા ઉતરતો હતો. હોઝરીએ જાણે વધુ અનાજ લેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

ક્ષુધાના સંતાવાથી ગુલ્મનું પરિબળ વધી ગયું હતું. ગંભીરતાથી આસ્તે આસ્તે ગુલ્મ તે ગુલનો જાણે અસ્તે જોવા ઇચ્છતી હતી. રોનાના મિત્ર શ્વાસોશ્વાસ પાસે તે જાણે મદદે જવા ઇચ્છતી હતી. વિપત્તિમાં રહેલી ખોટ તે જાણે પુરી કરતી હતી. તે નાજુક અબળા પર દયા

લાવી તેને દુઃખમાંથી છોડાવવાનું તે જાણે એહેસાન લેવા ઇચ્છતી હતી.

ગર્ભાશય જાણે ઘડીકમાં નિરાશ થતું, ઘડીકમાં મસ્ત થતું, ઘડીકમાં સુન્યસ્ત બનતું, ઘડીકમાં સન્યસ્ત બનતું અને કોઇ કોઈ વખતે કોમોત્પત્તિથી પ્રફુલ હોવાનું અનુમાન થતું હતું.

માંસે મસ્તપણું મુકી દીધું હતું, મેદેમદ તજી દીધો હતો, અંગ રહિત અનંગ જ્વાલાઓનો પ્રકાશ કીધા વિના સંતાપ ઉપત્ન કરતો હતો, ધૂમ પ્રગટ કર્યા વિના અશ્રુપાત કરાવતો હતો અને ભસ્મરજ બતાવ્યા વિના પાંડુતા લાવતો હતો.[1] કામદેવના પરિબળે આવેલી પાંડુતાથી જાણે શ્વેત ભસ્મ લગાવી હોયની, વૈધવ્યે અંગમાં ઉત્પન્ન કરેલી ઘણી અગ્નિની જાણે ધુણી તાપતી હોયની, જાણે સ્વદથી ભીના થએલાં શરિરવડે ભીને વસ્ત્રે અશ્રુરૂપી જળ ચડાવતી હોયની, ચંદનને બદલે જાણે પોતાનું તિલક અર્પણ કર્યું હોયની, પુષ્પને બદલે જાણે અલંકાર ચડાવી દીધા હોયની, નૈવેદ સારૂ જાણે પોતીકા ખોરાકમાંથી ભાગ આપતી હોયની, ઉગ્રતાથી દીસતી તેજસ્વિતા રોશાનીની આવશ્યકતા પુરી પાડતી હોયની, દિર્ઘ નિઃશ્વાસથી નિકળતી ઉષ્ણ બાફ જાણે ધુપના ધુમાડાની આવશ્યકતા પુરી પાડતો હોયની, કંપતા શરિરથી હિલતું અંગ વસ્ત્ર જાણે ધ્વજા ફરકતી હોયની, બેભાનીમાં વખતે વખતે પછડાઈ જતા હાથ પગનો અવાજ જાણે વાજીંત્રની ખોટ પુરી પાડતો હોયની અને છાતીફાટ વિલાપરૂપી સ્તોત્રથી તે યૌવનાવર મેળવવાની આશાએ કૃપાળુ સદાશિવનું હમેશ પુઁજન કરતી હોયની એમ અનુમાન થતું હતું.

વિપત્તિને માન આપવા જાણે હિમત પણ હઠી ગઈ હતી. સ્ત્રી જાત બેવફા છે એમ સાબિત કરવા જાણે તે સટકી ગઈ હતી. સ્ત્રી જાતને આશ્રય આપવાથી જાણે અધર્મ કરશે એવી માન્યતાથી તે રવાના થઈ હતી. હું તેની પાસે રહીશ તો લોકો તેના તરફ દયાની દ્રષ્ટી નહીં ફેંકે એ ધાસ્તીથી તે જાણે ડબી ગઈ હતી.

આશા શિવાય દુખીને બીજી કોઈ દવા નથી. એ આશા પણ જાણે રિબાવવા રાજી હોય તેમ જુદા જૂદા રૂપે નાટકના પડદાની મા-

---

[1] કાદમ્બરીમાંથી.

ફક દુરથી વિચિત્ર દેખાવ આપી નિમિષ માત્રમાં ગેબ થઈ જતી હતી. આશાના આશ્રયવિના પણ તે ઉન્મત્ત બની હતી. આશાના અંકુર રહીત છતાં પણ તે અત્યંત દુઃખ ભોગવતી હતી. આશાની અભિલાષી નહીં છતાં તેણે સન્યસ્ત ગ્રહણ— ધારણ કર્યો ન હોતો.

સંસાર ધૂળવત્, કુરવત્, શુળવત્, શુન્યવત્, શબવત્ માન્યા છતાં તેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો ન હોતો. તેની મશ્કરી કરાવવા, દુઃખમાં હહામ દેવા, શાંતિમાં સંતાપ કરાવવા, વિપત્તિમાં વિકટ વિચાર સાગરમાં ડોલાવવા અને આત્માને હેરાન વેરાન કરવા સદા યૌવનના બ્હારમાં ખીલી રહેલી પ્રજા પર હકુમત ભોગવનારી મોહિની રૂપના જેવી પ્રિય લાગનારી મુગ્ધાના જેવા હાવભાવ વાળી અને જાતીરૂપ વય ગુણ નહીં ગણવા વાળી તે જાણે તૈયારજ ઉભેલી હતી, કામાગ્નિમાં તે જાણે કાષ્ટ નાખતી હતી, જઠરાગ્નિમાં તે જાણે પાણી છાંટતી હતી, વિરહાગ્નિમાં તે જાણે વા નાખતી હતી, અંગને તે જાણે નવો રંગ આપતી હતી, અવયવને તે જાણે નમાવતી હતી, વાણીને તે જાણે કુટિલતા શિખવતી હતી, સરસ્વતિને તેણે જાણે સનિપાત કર્યો હતો, ગુસ્સાને તે જાણે ઉશ્કેરતી હતી, હિંમતને તે જાણે આમંત્રણ કરતી હતી, વૈરાગને તે જાણે મારી કાઢતી હતી, લોભની તે જાણે મદદ માંગતી હતી, હીંસા જાણે તેની આભારી હતી અને વિચારમાં જાણે તે વકૃપણું મૂકતી હતી.

તેની ભ્રકુટીમાં સ્પષ્ટ ક્રોધ પ્રગટી નિકળ્યો હતો. દરેક ચિજ તેને ધીઃકારવા યોગ્ય દિસતી હતી. તેનો રમણિય ચેહેરો વખતે વખતે ઉભાઈ જતા ક્રોધાગ્નિથી ભયંકર બનતો હતો. ક્રોધાગ્નિ જાણે તેનું અંગ અગ્નિવર્ણું બનાવી સદ વિચારની આહુતિ લેતો હતો.

વખતે વખતે છુટતી ધ્રુજારી વિપત્તિના વિશેષ ખ્યાલ સાથે ભૂતનો આભાસ આપતી હતી, ધ્રુજ જાણે તેની બુઝ કરવા કહેતી હતી, ધ્રુજ જાણે તેના સખ્ત જખમની રૂઝ લાવવા આર્યને જણાવતી હતી અને ધ્રુજ જાણે તેને સુઝ પડવા દેતી ન હોતી.

જાણે અશ્રુ માર્ગે અંગની અગ્નિ કાઢી નાખ્યાથી, જાણે ચંદ્રનાં શિતળ કિરણથી અને જાણે ઉષ્ણ જળ આદી ઉષ્ણતાની ખામીથી શિતળ-

તામાં શિથિલ થઈ કંપ ધ્રુજારી સ્તબ્ધવસ્થા મુચ્છી ઈત્યાદી કરૂણા જનક ચિન્હ કરતી હતી. વૈધવ્યાગ્નિ, કામાગ્નિ, ક્રોધાગ્નિ, તૃષ્ણાગ્નિ, વિરહાગ્નિ, મોહાગ્નિ, જઠરાગ્નિ, શોકાગ્નિ, સૂર્યાગ્નિ, ચિંતાગ્નિ, જ્વરાગ્નિ, અંગની કુદરતી અગ્નિ સ્નેહ તેલની ખામીથી સાંધાઓમાં ઉઠેલી અગ્નિ, દુર્જન સંબધીની વાણી રૂપી અગ્નિ અને રસોડાની અગ્નિ, ઈત્યાદી, ઇત્યાદી, અગ્નિની જ્વાળા તેના અંગમાં લાગ્યા છતાં તે શિતળતામાં સ્તબ્ધ બનતી હતી.

હમેશાની ચિંત્તાથી હારી ચિત્તાની માગણી કરતી હતી. ચિંતાથી તેના જ્ઞાનતંતુ ગળી જતાં, યાદ દાસ્ત શક્તિ બેહેર મારી જતી અને રૂધિરના રજકણો ભસ્મ થઈ જતાં હતાં.

દુર થઈ શકે તેવાં દુ:ખમાં રિબાઈ રિબાઇને મરવાથી દયાના જુસ્સાથી પરોપકાર અર્થે નિર્માલ્ય આર્ય પર ફિટકાર વરસાવતાં ક્ષમા સંતાઈ ગઈ હતી.

દૈવી જેવી દયાળુ છતાં સરલ રસ્તાપર ચાલતાં નડતા કટકની હિંસા કરવા ઇચ્છતિ હતી.

નિવૃતિ નાશી ગઈ હતી, પ્રવૃતિનું પ્રાધાન્યપણું હતું, સ્વસ્થ ચિત્તે પ્રસન્ન વદને આત્મો ન્નતિ અર્થે થતી ભક્તિ ભાગી ગઈ હતી પણ નિરાશાથી ઉપજતાં કષ્ટથી હાય નાખતાં અંત:કરણથી વારે વારે ઇશ્વરનું નામ લેવાતું હતું. જાણે રોવા કુટવાનો તે ઉદ્યમ કરતી હતી. લીંટ લાળ શ્વેદ અશ્રુએ તેના પરમ સોબતી હતી, શોકગ્રસ્ત હોવાથી વિવેકની વશિકરણ વિદ્યા વિસરી ગઈ હતી. પતિ ગુણનું શ્રવણ કરતી, પતિ પ્યારનું મનન કરતી અને પુનર્લગ્નનું અધ્યયન કરતી હતી. દ્રઢતાના મુળ મજબુત ન હોતાં પણ અંકુર ફુટેલો હતો. નિરાશારૂપી કાળી ઘટ વાદળીમાંથી ઉત્સાહ સૂર્યનાં ઝાંખાં કિરણ નજરે પડતાં હતાં. લાગુ રહેવાની શક્તિ વિપત્તિ હરી જતી હતી. અધિરાઈ ધૈર્યને ભૂલાવતી હતી. આશા અને પ્રેમ એજ વિપત્તિમાં વડાં હતાં, ધન મોજ શોખની યાદી આપી અશ્રુ ખેરાવતું હતું. વરની તે વિધાત્રી પાસે ભીક્ષા માંગતી હતી. તેના રવી (સ્વામી)નો અસ્ત થવાથી તે મસ્ત બની હતી. તેની વર્ત્તણુક વિધવાની બારિક સ્થીતિ નહીં સમજનારને વિપરિત લાગે તેવી હતી. કેટલીક સુઈ રહેલી શક્તિ વિપત્તિથી જાગ્રત થઈ

હતી. વિદ્યા જાણે વેરણ બની હતી. પેટપર તે અનેક શ્રાપ નાંખતી હતી. પરોપકારે તેના હૃદયમાં ઘર કર્યું હતું. વૈધવ્યે તેને એ મહાંમંત્ર સોંપ્યો હતો. નિંદાખોરોની કાતર જેવી જીભ તેના પર કલંક ચડાવવામાં પાછું વાળી જોતી ન હોંતી. ઔષધ તેના કષ્ટમયી અંગને રંગ આપી શકે એમ ન હોતું. ચતુરાઇ તેને ચારગણો વધારે ખેદ ઉપ્તન્ન કરાવતી હતી. રૂપ તેને દુખ રૂપ થઈ પડયું હતું. બળ બળીં ગયું હતું તોપણ જુસ્સો તેથી અધિક કામ કરતો હતો. ભાન ભૂલી ગઈ હતી તોપણ કર્ત્તવ્ય વિસરી ન હોતી. કિર્તિ હાલ ડામાડોળ સ્થીતિમાં ઝુલતી હતી. યૌવન પર્વતની નદીના વેગ સમાન, કટારીની ધાર સમાન ખુંચતું ખુંચતું ચાલ્યું જતું હતું. અનેક તર્ક તુરંગ પર સ્વાર થઈ તે નિરાશ ખીણમાં ઉતરતી હતી. પાણીની પ્યાસ તેને વિશેષ લાગતી હતી. સધવા ધર્મ તરફ તે વ્હાલથી જોતી હતી. જાણે ખાવામાં કરકસર કરતી હતી. અશ્રુમાં તે ઉદારતા બતાવતી હતી. આવી અવસ્થામાં જ્ઞાન ગોથાંખાતું અને શાંતિ સંતાઈ ગઇ હતી.

મધુપાનવિના પણ મદોન્મત ન્હાયાવિના પણ ભોંજાએલી અને શુષ્કતા છતાં પણ ઉગ્રતાવાળી હતી.

તિક્ષણતા, કઠિણતા, દામ અને ભેદ રહિત છતાં પણ તે લોકોની દયા હરણ કરતી હતી.

તેની વકૃતાયુક્ત વાણી તેના વિરૂધિયોનેજ કરરતી હતી. સુર્યના ગરમ કિરણો તેને શિથિળતા ઉપ્તન્ન કરેછે. ચંદ્રના શિતળ કિરણો તેને સ્વેદ ઉપ્તન્ન કરેછે. આ કમલિના જેવી સુકોમળ સ્ત્રી ઉપર વૈધવ્ય દુઃખ ડુંગર ટુટી પડયો. આ બાપડી કીડી માથે કુંજર પડયો. આ ટીટોડી ઉપર આભ ટુટી પડયો.

વિધવાના ઉષ્ણ અશ્રુ શિતળ નિર્મળ દયાનો પ્રસવ કરેછે. આ અજાયબી છે કે સખ્ત વૈધવ્યાગ્નિ અશ્રુજળ ઉપ્તન્ન કરેછે. હે વિધવા તારા વિરૂધીઓને રાજી કરી તારા દયાળુ હિતેચ્છુ મિત્રોના ચક્ષમાંથી અશ્રુ ખેરાવેછે એ ગેરવાજબી છે.

કોણ ખાત્રીથી માનેછે જે બાળાઓ વિધવાપણાનું અસહ્ય કષ્ટ સહન કરી અધર્મ નહીં કરે ?

પ્રાચિનકાળમાં કોણ જાણતું હતું જે યુવાન અનાથ બાળ વિધવાના અશ્રુ ભારતને ભ્રષ્ટ કરશે.

એવું કોણ દુષ્ટ નથી માનતું જે વૈધવ્યથી ભારતની ખરાબી નથી થતી.

કોણ છાતી ઠોકીને ખરા અંતઃકરણથી કહી શકશે કે વિધવાપણા-થી લાભ છે.

એવા રાક્ષસવત કોણ છે કે જેને વિધવાના કરૂણામય પોકાર અને દયા જનક ચેહેરો જોઈ દયા ન આવે? પ્રસિદ્ધ ઝેર જે ખાયછે તેજ મરેછે પણ દુષ્ટ જનની વાણી રૂપી ઝેર બીજાના કાનમાં પ્રવેશ કરેછે અને મરેછે વિધવાઓ. પુષ્પના જેવાં કોમળ અંગવાળી બાળા ક્યાં અને રાક્ષસી અંગવાળાં મનુષ્ય પણ જેને સહન ન કરી શકે એવું વૈધવ્ય ક્યાં?

આ તો જૂઓ કે આર્યોના શિરપર ચોંટેલું વૈધવ્યરૂપી કલંક વિદે-શમાં આર્યને ઓળખાવનારૂ થઈ પડ્યુંછે.

હે વૈધવ્ય! તું દુષ્ટોના આશ્રયથી ઉત્પન્ન થએલછે માટે દુષ્ટોની પેઠે દુષ્ટ આચરણ કરવાં એ તને યોગ્ય છે?

વૈધવ્યથી ઉત્પન્ન થએલ દયા વૈધવ્યનો નાશ કરે તો તે યોગ્ય છે, કા-રણ વૈધવ્ય પણ અબળાનો આશ્રય કરી અબળાઓનોજ નાશ કરેછે.

હે વિધવા! જે હૃદયમાં સઘળા વિચાર સમાઈ જાયછે તે હૃદયમાં તારૂં દુઃખ માતું નથી.

હે વિધવી! આ બ્રહ્માંડ બહુ મોટું છે કેમકે તારા અવર્ણનિય દુખનો સમુહ તેમાં સમાઈ જાયછે.

પુનર્લગ્ન રૂપી સુખને શિખરે પંહોચવા માટે વિધવાઓ નમ્રતાથી દુઃખરૂપી કુપમાં ઉતરેછે.

રમણિય પવિત્ર પ્રદેશમાં કલંક કલંકમાં ઉજવળતા અને તે અબ-ળાઓમાં તથા અબળાઓ તેને છોડતી નથી, આ તે ભયંકર ક્યાંથી પેદા થયું કે જે આખી દુનિયાંને દિલગીરીમાં ડોલાવેછે.

દુઃખિત અંતઃકરણવાળી વિધવાઓના વિનયમય વિલાપ કે જે જીં-દગીપર્યંત મનુષ્યને ખેદ ઉત્પન્ન કર્યા કરેછે તે વિધવાઓ દયા ખાવાલાયક

કેમ ન હોય ? હે વૈધવ્ય ઉચ્છેદ ઇચ્છનાર મેં તમને જોયાથી જાણે કલ્પ વૃક્ષને જોયું.

રૂઢીએ લાંબા કાળથી મારેલાં પુનર્લગ્નને જે પ્રેમ ભાવથી સજીવન કરેછે તે રૂઢીને જીતનારી વિર રમણી વિધવાઓની હું સ્તુતિ કરૂંછું.

અજ્ઞાનો ધર્મ—કીર્તિનાશયની શંકાએ પુનર્લગ્ન કરવા ના પાડેછે અને જ્ઞાનીઓ તેજ શંકાથી પુનર્લગ્ન કરવા આગળ પડેછે.

નરકની પ્રાપ્તી પાપથી.થાયછે, પાપ ઇંદ્રિયોને નિયમમાં ન રાખવા-થી થાયછે અને ઇંદ્રીય નિગ્રહ પુનર્લગ્નવિના રહેતો નથી માટે મનુષ્યોએ દરેક વિધવા બાલિકાનું પુનર્લગ્ન કરાવવું જોઇએ. અરે તેઓને નવું જીવન આપવું જોઇએ.

દાન કરવું એ સારૂં છે, દાન કરતાં દયા ભલી છે, અને દયા કરતાં પણ પરોપકાર—પુનર્લગ્ન એ અતિ શ્રેષ્ટ છે.

પીછાંથી હલકાં વાયુમાં ઉડતાં રજકણો છે અને તે કરતાં પણ નાચાર બાળ અબળા વિધવા વિશેષ હલકી છે. આ વિધવા અમારી પાસે કાંઇ માગશે તો એવી શંકાથી જાણે શ્રીમંતો તેની તરફ જોતા પણ નથી.

કેટલાક વિદ્વાનો પુનર્લગ્ન કરવાની ના પાડેછે તે શું શરણાગતનો ત્યાગ ન કરવો એવી સમજણથી હશે ? તેમ પોતે પણ (કેટલાક) વાંઢા પણાની અસહ્ય વેદના સહન કરેછે તે શું વિધવા ઝેરની પેઠે તેમનું મૃત્યુ કરનારી હશે ? સધવાપણામાં ચંદ્રનો આશ્રય કરી રહેલી સ્ત્રીના મુખની ઉપમા વિધવાપણામાં રાહુ ગ્રહણનો આશ્રય કરેછે. આ નિરાશ થએલી રાંડીના ગુસ્સાનું બોલવું છે કે પોતાના ઘરમાં વ્હાલી બ્હેન, પ્યારી દીકરી અને માનીતી રાંડેલી વહુને જોઇને જેના હૃદયમાં દયાનો સંચાર નથી થતો તેને બીજી વિધવા પર શું દયા આવે ?

જો હું સૃષ્ટી કર્તા થાઉ તો વૈધવ્યને બાલિકામાંથી કાઢી હિંસક પ્રાણ-માં મુકું કે જેથી તેમનો ઉપદ્રવ કમી થાય અને મનુષ્યમાં વિનાકારણ ખૂન થતાં અટકે.

જે વિધવા હિતમાં વપરાતું નથી તે ધનજ ભાગ્યહિન છે. ધર્માંધ બુદ્ધિને લીધે આર્ય શ્રીમાનોએ પુનર્લગ્ન રૂપી દાનની ઇચ્છાવાળી વિધવા

બાલિકાઓને દૂર કરી તે તેનોજ આબરૂને હાની છે. અને વિધવા તો વિષયિ પુરૂષોના આશ્રયથી ખુશીથી ઇચ્છીત સુખ મેળવેછે. કોઈ વિધવા કહેછે કે જો અમારાં દુઃખની દયા ખાઈ ઉત્તમ બુદ્ધિમાન પુરૂષો અશ્રુથી ગાલ ભીનાં કરેછે તો દુષ્ટોના દયાહિનપણાથી શું અમારા ખરા હકનો નાશ થવાનો છે ?

એ તો ખરૂં છે કે વિકટ વિપત્તિની સખ્તાઈ જેવી સુજ્ઞ જનને સાલેછે તેવી દુર્જનને અસર કરતી નથી.

આર્યો ! તમે રૂઢીની ઉપાસના કરોછો તેથી શું શક્તિને સંતાપ થવાનો છે ? તમે દુષ્ટ વૈધવ્ય કલંકને મસ્તકપ્રર મૂકી મલકાઓછો તેથી શું જગતમાન્ય પુનર્લગ્નની કીર્તિને લાત લાગવાની છે ? અને તમે નાચાર અબળાના હકો ઝુંટવી લઈ વિપત્તિસાગરમાં આશારૂપી નાવ વિચારૂવમળથી ડોલાવોછો તેથી શું પરોપકારી પશ્ચિમ દેશોમાં તમારી કીર્તિ પ્રસરવાની છે ? હે પુનર્લગ્ન ! તારી કીર્તિ વૈધવ્ય પક્ષ અવલંબન કરનારના નિરાશિથી કાળાં થએલાં મુખપર રમણ કરેછે. અને બાળવિધવાના નેત્રમાં કાજળ ભરેછે તોપણ સર્વ દિશાઓમાં ધ્રુવના સરખી અચળ—ધોળી દેખાયછે.

જે જાતે અબળા છે, અજ્ઞાન રૂપી મદ્યકુંડમાં ડુબેલીછે, વૈધવ્ય વિંછીએ કરડેલીછે, પિશાચ સગાંઓની બિભત્સ વાણીથી ગ્રસ્ત છે, અને કામાગ્નિથી બળી રહેલીછે તેની વિકૃતિનું શું વર્ણન કરવું ?

આ વૈધવ્ય વિપત્તિમાં ડુબેલી બાળવિધવાનું બોલવું છે કે આર્ય વિદ્વાનો અમારાં અંતઃકરણમાં આગ લગાડેછે તે યોગ્ય છે. કારણ પ્રથમ વયમાં તેઓ અગ્નિના સોબતી અર્થાત ઉપાસક હતા. બીજી વયમાં તેઓને દૈત્યોના દુર્ગુણ રૂપી અગ્નિનો સ્પર્શ થયો હતો. વર્તમાનકાળમાં તેઓને વિધવા બાલિકાનો શ્રાપ રૂપી અગ્નિ લાગેલો છે અને દ્વેષ રૂપી અગ્નિ તો હમેશ તેઓના હૃદયમાં બળતોજ રહેછે, એવી રીતે સદાય અગ્નિની સોબતવાળા અમોને બાળે તે યોગ્ય છે.

આર્ય ધર્મ અમોને કંપ—ધ્રુજારી ઉપજાવે તે યોગ્ય છે, કારણ પાણીમાં વસનાર પાણીપુત્રીપતિ શ્રી નારાયણનો બનાવેલો તે કહેવાયછે તેને પ્રસિદ્ધિમાં મૂકનાર પાણીની સોબતણ માછણનો પુત્ર વ્યાસજી છે.

વળી તે પાણીના સંજોગે બનેલા કાગળપર પાણીથી પેદા થએલ કલમ વડે પાણી રૂપી રૂશનાઇથી લખાએલછે. એવી રીતે સદાય પાણીની સોબત રાખનાર ધર્મ અમોને ધ્રુજારી ઉપજાવે–પાણી પડાવે તે યોગ્ય છે.

આર્ય લોકો અમોને દુ:ખ આપે તે યોગ્ય છે, કારણ ઉત્પત્તિની વખતે તેઓ અજ્ઞાનતાએ સાધનરહિત હોવાથી દુ:ખ ભોગવતા હતા, પછે રાક્ષસોના બાહુબળથી દુ:ખ ભોગવતા હતા, છેવટ વિદેશિય લોકોના જુલમથી દુ:ખ ભોગવેછે અને હવે પછે ધર્મરૂઢીનાં બંધનથી દાળિદ્રદુ:ખ ભોગવશે એવી રીતે સદાય દુ:ખમાંજ ડુબેલા અમોને દુ:ખ આપે તેમાં ખોટું શું?

આ ખાનદાન અસુરી વિધવાનું કહેવું છે કે આર્યની દયા પરોપકાર ઈત્યાદી સદ્ગુણનો લાભ લેવા અમો સ્વદેશ છોડી આર્યના આશ્રય તળે રહ્યાં પણ અમારાં કિસ્મતનોજ વાંક કે તેઓની રૂઢીની રીતભાતની અસરે અમારાજ હકને ફટકો માર્યો.

હે.દુ:ખી અબળા? આર્ય..વા–નરે તને આશ્રયમાં લઈ કાંઈ દુ:ખ ન જાણ્યું, કાંઈ કદર ન કરી તેથી તું તારા મનમાં ચિંતા ન કર્ય કારણ ધર્મને બ્હાને તને ચિતામાં ન નાખી એજ તારૂં મોટું ભાગ્ય સમજ. જ્યારે એક વિધવા વિપત્તિમાં ગરક થઈ ગરમ મસ્તક નિચું નમાવી ડાબા હાથનાં દયા ખાવા જોગ આંગળાં પર અને નરમ ગાલ કઠીન થએલી હથેળીપર નાંખી દઈ વારંવાર દીર્ઘ નિ:શ્વાસ મૂકી ભ્રમિત ચિત્તે ભોંય તરફ નિહાળી અશ્રુધારાથી સ્નાન કરેછે ત્યારે એવો કયો ક્રુર વજ્રદીલી રાક્ષસવત્ છે કે જેને કંપારી ન છુટે? ઉપલી સ્થિતિમાં બેઠેલી અનાથની આસપાસ છોપર પડેલાં અશ્રુબિંદુમાં તેની રિબામણી પ્રતિમા પડી જાણે જોનારને તેવી સેંકડો રિબાતી અબળાઓ બતાવી દયાનો જુસ્સો ઉશ્કેરી વિધવા પર દયા કરવાનું કહેતાં હોય એમ લાગતું હતું.

વિપત્તિના વમળમાં વલખાં મારતે સુખરૂપ નાવ હાથ નહીં આવ્યાથી રોઈને પૃથ્વી માતા તરફ જોઈને જાણે એમ અરજ કરતી હોયની કે હે મા મને માર્ગ આપ. પરોપકારી પૃથ્વીમાતા જાણે તેની ગેરવાજબી અરજ મંજુર ન રાખતી હોય અને તેથી ગુસ્સે થઈ દુ:ખપિડિત અનાથ વિધવાઓએ જાણે શ્રાપ આપ્યો હોયની કે અમારાં અશ્રુબિંદુ રૂપી વર્ષા

ગ્રહણ કરવાથી તારી પર વૃષ્ટિ કમી થાઓ. અમારા નિ:શ્વાસનો સંગ્રહ કર્યાથી તું નિ:સારથી અને અમને માર્ગ (મોત) નહીં આપ્યાથી તારી પ્રજા અલ્પાયુષિથાઓ. જાણે એ શ્રાપથીજ આર્યાવ્રતની હાલત દિનપ્રતિદીન તેવી થતી જતી હોય એમ અમારી માન્યતા છે.

આવું દુ:ખ સહન કરી અધર્મ કરી રીબાયા કરવું તે કર્તાં આપઘાત શું વિશેષ કષ્ટદાયી હશે? એવી કલ્પના તેઓના મનમાં ઉઠતી. ધૈર્યવાન જ્ઞાનના ઉંડા સંસ્કારવાળી દુનિયાંને પિછાનવાવાળી નાયકા ઉપલી કલ્પનાજ કરતી પણ અસ્થિર હૃદયની, અસહનશિલ શક્તિની યૌવનાઓને કોઈ કોઈ વખતે ઉજડ ખાતરાંનો ભોગ થએલી આપણે તિરસ્કાર મિશ્રિત દયાની દૃષ્ટીથી નિહાળીએછીએ. એમ બનવાનું કારણ વૈધવ્ય વિના બીજું શું હોય?

વિદ્વાનો શ્રીમાનો ઘણા વખતથી રીંસાએલી સરસ્વતિ દેવીએ પ્રસન્ન થઈ તમારાં ચક્ષુપર ફરીવળેલ અજ્ઞાનનો પડળ હાલનાં સુધારા રૂપી સૂર્ય વૈદની સ્હાયતાવડે દુર કર્યોછે. હવે તમે દેખતા–સમજતા થયાછો. તોપણ કાણાપણું છોડતા નથી. અરે આર્યો! બહુ થઈ, બહુ થઈ, બહુ કચરાયા, બહુ છુંદાયા, બહુ દુ:ખમાં રગડાયા, હવે તમારી ચઢતી સૂર્યના ઝાંખાં કિરણો નજરે પડેછે. તેને ફેલાવવા યત્ન કરવાને બદલે રૂઢીની રીતભાતના કાળાં વાદળાં વચે આવવા દઈ વધતો જતો પ્રકાશ અટકાવવામાં ઝાંખો પ્રકાશ લેવામાં શું મજે માનો છો? શું સંતોષ પામોછો? અરે આર્યો તમારો સંતોષ સ્વતંત્રતા વેંચનારો છે. તમારો સંતોષ દેશને પાયમાલ કરનાર છે. તમારો સંતોષ દેશને ડુબાડનાર છે. તમારો સંતોષ થતી પ્રજાને સંતાપ કરાવનારો છે. તમારો સંતોષ હમેશને માટે ગુલામગીરીની સાંકળમાં બાંધનારો છે. અને તમારો સંતોષ દાળિદ્રતા લાવનાર– ખાના ખરાબી કરનાર છે. ઘાસનાં બીયાંનો, જંગલી ભાજીપાલાનો, અરે ભાતનાં છોતલાંનો અને માગ્યા ઘરનો વાંસી ટુકડો, મૂફત બનતાં મીઠાં વિના ખાઇને પણ તમે સંતોષ રાખી શકોછો. ધન્ય છે તમને અને ધન્ય છે તમારા સંતોષને. દુનિઆંના ઈતીહાસમાંથી છતાં સાધનોએ આવો સંતોષ રાખનારી બીજી કઈ પ્રજા તમે મને બતાવશો? અર્બસ્તાનના જંગલી અરબો અને આફ્રિકાના

અજ્ઞાન સીધીઓ પણ એવો સંતોષ પકડી શકતા નથી. અમેરિકાના નિર્માલ્ય નાગા ઇન્ડીયનો પણ એવો ખોટો સંતોષ નહી રાખતાં વગર હથિયારે લડાઇના મેદાનમાં ઉતર્યા હતા ત્યારે તમે સુધારાની સંફ્માં ખપવાવાળા, થોડા જ્ઞાનના સંસ્કારવાળા અને સુધરેલી દુનિયાનાં પવનની ઠંડી (ધીમી સુસ્ત) લેહેર લેવાવાળા એવો ખોટો સંતોષ કેમ રાખી શકોછો? તમે એવો અધમ સંતોષ રાખો તો ભલે પણ સાહસ કારીણી અધિરાઈ પ્રકૃતિવાળી ઉત્સાહિત યૌવના વિધવા પોતાના ખરા હૃક મેળવવાની બાબતમાં એવો સંતોષ પકડવામાં ડહાપણ કેમ સમજે? ખરૂં છે કે તમારે એવો અધમ સંતોષ માનવાનાં ઘણા કારણો હશે પણ વિધવાને એવાં સંતોષલાયક કારણો હવે રહ્યાં નથી.

પાસદી ઉપરની સંતોષી વિધવા પ્રગલભાઓના હાથમાં કાળે કાષ્ટની માળા સોંપેલીછે. પાસદી ઉપરની વિધવા સુમધ્યા સુંદરીઓના હાથમાં કાળે જેષ્ટિકા સોંપેલીછે; પાસદી ઉપરની મુગ્ધા વિધવાના વિચાર હવે ફ્રરી ગયાછે. અને પાસદી ઉપરની નવોઢા વિધવા હાલ પ્રૌઢા પદને પામી ગઇછે. હાલની બાળરાંડનો સંતોષ રખેને તેઓની હાલત ઉપરના જેવી કરે એ મોટું ભય તેઓને કાંન હોય! ધારો કે તેઓ ખુશીથી નહીં તો પરાણે સંતોષ રાખીને પણ શું સુખી થાય એમ છે? તેઓ શા આધાર ઉપર સંતોષ રાખે? માત્ર તમારા બોલવા ઉપર. તમારે બોલવાનું ઠેકાણું ક્યાંછે? આજ લગભગ અરધી સદી થયા હજુ તેવો વખત આવવાને વાર છે, એ બોલ તમારાં મ્હોડાંમાંથી નીકળતો ક્યાં બંધ પડયોછે? ક્યારામા અવતારમાં તેવો અવસર આવશે? કઇ પેઢીની પ્રજામાં એવો શુભ દહાડો દેખાશે? ક્યા રાજ્યના આશ્રય તળે એ મહત કાર્ય બનશે? કઈ સદીએ મહાન કાર્યથી યાવત ચંદ્રોદિવાકોરો શોભી ઉઠશે? ક્યો દિવસ આર્ય કલંક ધોવાની મુબારકબાદીથી મશહુર થઈ રહેશે અને કોણ કોણ વિર આર્યનો ઉધાર કર્તા થઈ અમર થઈ શકશે? એવો શુભ સમય જોવાની અમે આતુરતાથી રાહ જોઇએછીએ.

પ્રાચીન કાળમાં ઉત્તમ મનાએલ પણ હાલમાં....ગણાએલ આર્યો સુવિદ્યારૂપી અંજનથી તમારાં ચક્ષુનો પુરો અંધાપો મટયો નહી. સુધાર

કોની સખ્ત શિક્ષાથી પણ તમારાં અજ્ઞાન પડળ ફાટ્યાં નહીં. વિધવાનાં ગરમ અશ્રુજળે ધોવાથી પણ તમારાં ચક્ષુ દિવ્ય થયાં નહી (જાણે રાંડેલીની પછવાડે રોવામાં આંખ્યોનું તેજ ધોઈ નાંખ્યું હોય, જાણે હાલમાં ઉછળતા વૈભવમાં અંજાઇ ગયા હોય, જાણે સંસ્કૃત જાણવાનો ફાંકો રાખનાર નામના પંડીતોના ગારૂડી મંત્રથી નજરબંધી થઈ ગયા હોય) અને પાશ્ચિમત્ય લોકોની કેટલીક રૂડી રીતભાત— ઉંડા ધિઃકારથી પણ તમારાં અધમ થએલાં હૃદયને, પાષાણવત મનને, અરે લોહવત અંતઃકરણને કાંઈપણ અસર થતી નથી ત્યારે હવે તમોને કહેવું શું?

આર્યો! મોટી ચાર હત્યા જે શાસ્ત્રમાં કહેલીછે તે શું તમે નથી કરતા? સ્ત્રી હત્યા અને બાળ હત્યા વૈધવ્યથી દેખતી નજરે જોતાં જોતામાં થાયછે તેમાં કેટલોક ભાગ બ્રહ્મ હત્યાનો પણ છે. ગૌહત્યાનો તો સુમારજ નથી. ખરૂં છે કે ઉપલી હત્યા તમે નથી કરતા પણ તમારી ચસ્મપોશીથી–કુડી રીતભાતથી દહાડે દહાડે વધતી જાયછે. અતિથિ સત્કાર–ભિક્ષા માગનાર —અને આશ્રય ગતિને માટે આર્ય શાસ્ત્રના કેવા ઉમદા ઉદ્દેષ છે? આજ તેમાંનું કાંઈ ક્યાં? રામે યજ્ઞ રક્ષણ સારૂ વનમાં જઈ રાક્ષસોને હરાવ્યા હતા. અર્જુને આશ્રય નિચે રહેલાં પશુઓનાં રક્ષણ સારૂ મોટું જોખમ ખેડી કૌરવો સાથે લડાઈ કરી હતી. આવા સેંકડો પ્રાચિન દાખલા મળી આવશે. આજે તેમાંનું શું છે? આર્યનું આર્યપણું ક્યાં ગયું? આર્યનું વિરત્વ ક્યાં ગયું? અરે આજ આર્ય પ્રજાની આટલી અવગણના કેમ થાયછે? આર્યના રૂડા ઉંડા મહાન ઉદ્દેષનું અધ્યયન કરતાં આ વિશય લખતાં પ્રેમભાવથી મ્હારૂં હૃદય ખેદિત થાયછે. બીજી પ્રજા કરતાં આર્ય પ્રજા આજ પણ અતિથિ સત્કારમાં આગળ પડતી છે પણ તે ક્યાં? પારકાં જનને ભોજન આદી આપવામાં. ઘરનાં માણસો માટે નહીં. છોકરાંનો ભિક્ષાંન્દેહી શબ્દ કબુલ રખાય નહીં, બૈરાંઓની આશ્રયગતિ કબુલ રખાય નહીં અને વિધવાનો અતિથિપણાનો દાવો કબુલ થાય નહીં.

"ચકવે ચડેલો હિંદનો સુધારો શું અમને સંતાપ કરાવનારો નથી? ખરૂં પુછો તો યોવનાઓને ઉશ્કેરનાર સુધારોજ છે. સુધારાએજ અમોને સઘલાળે લટકાવેલી છે." આજે આપણે આપણાં હિતનાં અધુરાં ફળ ચા-

બીયેછીએ તે કેવળ સુધારાના સ્પર્શથીજ. જ્ઞાનના ઉંડા સંસ્કારવાળી, શાંત પ્રકૃતિવાળી વિધવા યૌવના સુધારાને માટે ઉપલો વિચાર મનમાં લાવશે નહીં પણ માત્ર નાટકની ચોપડીયોજ વાંચનારી અને મહારાણીના ગરબા ગાઈ જાણનારી તરત ચોભદીનાં ફળની પેઠે જલદી ફળ મળવાની અધીરાઈવાળી વિધવા યૌવના બળતાં કલેજાંથી થએલાં શ્યામ વદન વડે સઘળે શ્યામતાજ દેખે તો પછે હું અતિશયોક્તિ કરૂંછું એમ ન ગણાય.

ઘણી જાતનાં નાટકોમાંથી ઘણું શિખવાલાયક છોડી દઈને અજ્ઞાન યૌવનાઓ શું શીખી જાયછે તે તમે ધ્યાન દઈને જાણ્યુંછે? ના. નથીજ જાણ્યું. જો જાણ્યું હોય તો વિધવાની આપત્તિનો હેવાલ તમારાં હૃદયમાં રમતોજ હોય અને જો તેમ હોય તો વિધવાની હાલત આવી ન હોય. કેટલીક બાબતમાં પારદર્શક હૃદયવાળી જન્મથી દેખાદેખી કરવાના સ્વભાવવાળી અપુર્ણ અબળા નાટકી નાયકાના હાવભાવનું, છુટથી બોલવાનું, ધ્યાન ખેંચનાર અર્ધ ઉઘાડું સ્તન દેખાડતા દરેશનું, અને તેના જેવા વૈભવનું અવલોકન કરી ઘેર જાયછે. પતિવ્રતપણાની શ્રેષ્ટતાઈ, કેલવણીની જરૂરીયાત, હેબતાઈ જાય તેવાં સાહસીક કામ કરવાની હિંમત, અને અધર્મની હાર ઈત્યાદી સમજતાં શિખતાં નિરાશી અજ્ઞાન અબળાને જેટલી મુશ્કેલી પડે છે તેટલી ઉપર જણાવેલાં આચરણ કર્તાં ઉત્સાહિત યૌવનાને સેહેલાઈ પડેછે.

આર્ય ગ્રંથ કર્તાઓએ પ્રથમ અબળાના હૃદયનું-રીતભાતનું અને વિચારનું બારિક અવલોકન-લાંબો અભ્યાસ કરવો જોઇએ. હું તેનું હૃદયભેદક ચિત્તાકર્ષક ચિત્ર દર્શાવી શકું એમ માનવું એ મને પોતાને ઠગ્યા બરોબર છે.

"અમે આ અર્ધ સુધરેલ ઉછાછળા જમાનામાં કેવી રીતે સ્થિર વૃત્તિથી રહી શકીએ? હાલના વૈભવો અમારૂં લક્ષ કેમ ન ખેંચે? અગ્નિ પાસે ઘૃત ઓગળયા વિના કેમ રહિ શકશે? કામને વૈરાગ્ય કેમ આવશે? છુટાપણાનો પવન અમને કેમ નહીં લાગશે? જ્યારે આમ છે ત્યારે હિંદમાં અધર્મ કેમ નહીં વધે? હાલના જુવાનીયાઓના હાથથી લખાએલાં વધુ જાતનાં પુસ્તકોમાં તમે પ્યાર વિના બીજું શું જાણોછો? ભલે તેઓના ઉદ્દેષ ઉમદા હોય પણ વૈધવ્ય ચિત્તામાં બળતી બાલિકાના હૃદયમાં તે કેવી અસર કરેછે તે તમે શું જાણશો?"

"ઓગણીસમી સદી આખરનો વૈભવ શું અમારા પ્રત્યે વૈરભાવ નથી શાખતો ? સાંજને વખતે ફરતાં સુધરેલાં પારસી જોડાં શું અમોને તમોને જોડા નથી મારતાં? સુધરેલી ફેશનની ગાડીમાં જમણી તરફ બિરાજેલી યુરોપિયન બાનુઓને હાસ્ય મૂખે, ખૂલ્લે ચિત્તે પ્રિયને શબ્દામૃત પાતી જોઈ શું અમને અમારી પતિત હાલત યાદ નથી આવતી? શુશોભિત બંગલાના બીજા માળમાં કોટમાં હાથ નાંખી હિંડોળા ખાટપર બેઠેલાં કુલિન હિંદુ દંપતિ શું અમારા મન હિંડોળા ને હિંચકા નથી ખવરાવતાં? બાગમાં ફુવારા પાસે બેઠેલી વિરહિણી સ્ત્રીને પક્ષીઓ ઉડાડતી જોઈ શું અમને પરિતાપ નથી થતો ? રંગિત બંગલાના ઝરૂખામાં યુરોપિયન ફેસનની સુંદર ખુરશી પર હાથમાં ઘડિયાલ લઈ પ્રિયની વાટ જોતી રસ્તા તરફ ટીકતી બેઠેલી કુલિન અબળાનો રમણિય દેખાવ શું અમારી દયા ખાવા માટે બસ નથી ? શોકીન શ્રીમંતના દિવાનખાનાની દીવાલ પર ગોઠવેલા પ્રેમી-દંપતિના ફોટોગ્રાફ શું અમોને ગોટે ચડાવનાર—ગોટો ચડાવનાર નથી ? શ્રીમાન દંપત્તિ પાસે મીઠી ચાંદનીમાં થતાં શ્રંગાર રસનાં સુંદર ગાયનો શું અમારૂં ચિત્ત ભ્રમિત કરનાર નથી ? સવાર સાંજ દેવમંદિરમાં દર્શન કરવા જતી પતિ દર્શનથી તૃપ્ત ન થએલી અભિલાષી સુમધ્યા સુંદરીઓના સ્મિત વદને શરમાળતાથી પ્રિય તરફ ફેંકાતાં પ્રેમી વક્રકટાક્ષો શું અમારાં કલેજાંને લજા કાપવા શક્તિવાન નથી? મોટા મેળામાં, મોટી ભીડમાં શ્રીમાન દંપત્તિ ફરતે ફરતે ચીનાની દુકાનેથી કોક શાસ્ત્રના નિયમ પ્રમાણે થતાં આસનનાં મોટી કિંમતે થોડાં પાનાં ખરીદી ત્યાંથી આગળ ચાલી એક પંજાબી હકીમ પાસેથી સંકુચીન ગોળી ખરીદી ચંપાતાં ચંપાતાં હર્ષથી મેળો જોતાં ફરેછે. શું આ ચિત્તાર અમને અમારાં અંગને સંકુચિત—કૃષ—નિર્બળ કરવાને બસ નથી? કુમળાં બાળકના નરમ ગાલના સ્પર્શથી જાણે સુંવાળા થયા હોયની, કુદરતી લાવણ્યથી રંગેલા છતાં તાંબુલથી વિશેષ લાલાશ આવી હોયની, જાણે હજુ તેને વિશેષ શોભાયમાન કરવા પ્રિયની જીભ પાલીસ કરતી હોયની, મિષ્ટાનની મિઠાસ જાણે તેમાં ચોંટી ગઈ હોયની, મુખમાંથી નિકળતા કાલાકાલા વ્હાલા વ્હાલા મીઠા શબ્દોની મીઠાશ જાણે ત્યાં અટકી ગઈ હોયનો, એવા લલિત અધરથી મદોન્મત્ત હર્ષ—પ્રેમ ઘેલી લાડથી હિંડોળા પર બેસી નખરાં કરતે,

પ્યારાં કોમળ બાળકને સ્તનપાન કરાવતે, આલ્હાદથી મુખપર હાથ ફેરવી ચુંબન કરી હસિત ચેહેરે સ્મિત હાસ્ય જોઇ કૃતાર્થ થાયછે. આ ખુશનુમા દેખાવ તમે તો કોઈક વખતે જોઇ રાજી થાઓ. પણ અરે અધમ આર્યો ? હરઘડી જોતી વિધવાંઓની અશ્રુધારા એથી કેમ હાથ રહે? તેમને ઓછું કેમ ન લાગે? તેમનું કલેજું કેમ ન બળી જાય? તેઓ શા આધારે સંતોષ મેળવે? અંગના સોળ સણગાર સજી મનના થોડા સણગારથી મસ્ત બની પરી જેવી કાંત્તિમાન લલનાઓ પ્રેમ લીલાથી લગ્નમાં વિલાસ કરેછે. એ નહીં વર્ણી શકાય તેવો આંનદિત દેખાવ અમારા પ્રાણસ્થાનમાં ભયંકર ભગ્ન પાડવાને શું શક્તિવાન નથી? તેહેવારને ટાંકણે ઉમંગી રંગીલી નવરંગી બની હસિત ચેહેરે પ્રિયની પાસે મુગ્ધતા બતાવેછે અને આનંદથી ગરબા ગાયછે એટલામાં પ્રિયના વિયોગથી કામદેવની જે ચેષ્ટા થાયછે તથા પ્રિયના ગુણ કથનનું મનમાં મનન કરતે જે ચિન્હ થાયછે તે રસિક જન માનીતા અવર્ણનિય સુખનો અલૌકિક દેખાવ શું અમોને બાળી મૂકવાને બસ નથી ?

અરે પ્રભુ આતે શો ગજબ? દુનિયાંની સઘળી ચિજને શું અમારી વિરૂદ્ધિજ દેખવી—સઘળી વસ્તુમાં ઉલટાપણુંજ જોવું ? ખરેખર આતો દૈવ કોપજ. વનસ્પતિ પણ જાણે અમારા પ્રત્યે વૈરભાવ રાખી પરોપકારનો ગુણ તજી દેયછે. અર્થાત બીજું તો રહ્યું પણ શિતળતાને બદલે સ્તબ્ધતા અર્પણ કરેછે. અમારા મુખમાં જતાં ફળ માધુર્યતા મૂકી દેયછે. પુષ્પ સુગંધની સાથે સંતાપને લઈ આવેછે. ઔષધી ગુણ રહિત અથવા ઉલટી અસર કરનારી થઈ જાયછે. અને જળ તનનો મળ ઉતારતાં છતાં પણ પાછો વધારી મનની મલિનતા પધરાવી જાણે "ભર્યામાંહી ભરાય" એ કહેવતને ખરી પાડેછે. આર્યો ! તમે તો વર્ષમાં એક હોળી જૂઓછો અને તે પણ ઉત્સાહ—ખુશાલીની. એ એક હોળીની ઝાળ પણ શ્રીફળ નાખવા જતાં તમોને ભારે પડેછે ત્યારે કાંઇ વિચારો, વિચારો. જીંદગી પર્યંત જગતની સઘળી ચીજમાં દુઃખ હોળી (બળતરા અગ્નિ,) વિના બીજું અમારે શું જોવાનું છે ? અરે શું અમોને ક્યાંઈ પણ વિશ્રાંતિજ નાહીં? દેવમંદિરમાં દર્શન કરવા જતાં પણ શું અમારા વિરૂદ્ધિ વૈભવનેજ જોવો ? લક્ષ્મીને ચ-

રણમાં રાખનાર લક્ષ્મી પણ અનંત બ્રહ્માંડનો આધાર કે જેની શક્તિથી સર્વસ્વ થાયછે. એવા શ્રી ભગવાન નારાયણને લક્ષ્મી સાથે લઈને બેઠેલીછે ત્યારે અમો હતભાગ્યનિના શા અપરાધ છે કે જીંદગીપર્યંત ધુંધવાતાં ઉંબાડીયાંની પેઠે વગર અગ્નિએ બળયા કરવું! કંગાળ કેદીની હાલત અમે વ્હાલથી પસંદ કરીશુ કારણ અમુક વખત પછે તેઓને છુટાપણું મળી શકેછે. અરે પણ અમોને કોઈ પણ દિવસ એવો દેખાવાનો છે?" ગામડાંની વિધવાને પોતાની પતિત હાલત દેખાડનારાં એટલાં બધાં કારણ છે કે જેનું વિવેચન આવાં નાનાં પુસ્તકમાં થઈ શકે નહીં.

આજે આ ધામધુમ શું છે? ફાટેલાંને ફુલાવનારો, પ્રેમી દંપત્તિને આનંદ આપનારો અને વિધવાના અંતઃકરણમાં આગ હોળી પ્રગટાવનારો આ ફાગણ માસ છે. છોકરાંઓ ઉલ્હાસમાં છે, ઈંગ્રેજોના માનવા—કહેવા મૂજબ હિંદુઓમાં ગાંડાપણું આવી ગયુંછે, વાલમભાઈના વિવાહની તજવીજ ચાલેછે, પ્રૌઢ પુરૂષો ઉછરતી વયના યુવાનીયાઓને ટોળ કરતાં શિખવેછે, જાણે હિંદુઓમાં નીતિની કેળવણી જતાં તેને બદલે ચાલાક બાળકોને બિભત્સ ગાળોની પાઠમાળામાં પ્રવિણ કરેછે, જાણે દ્વેષી હિંદુઓ ઠંડમાં ઠરી રહેલી વિધવાનો ઠંડ કાઢવા દુરથી ગાળો રૂપી ગરમ તિર ફેંકી કાનને આઘાત કરેછે, હૃદયનો ભેદ કરેછે, મર્મસ્થાનના ચીરા કરેછે, દુઃખની યાદ આપેછે અને અંતકરણને ઉશ્કેરેછે. જરા આ ચિત્ર જોશો કે? આ ઉમંગી, નવરંગી, રંગીલી, મદોન્મત્ત, પ્રફુલ લલિત લલનાઓના ટોળાંની ભભકમાં ભાત–વિભાગ પાડનારી, શરમથી નિચું જોઈ વચ્ચે વચ્ચે ચાલી આવતી આ વનિતા કોણ છે? વાંચનાર એ તો આપણી આર્ય વિધવા ઓચ્છવનાં દર્શન કરી હવેલીમાંથી ઘેર જાયછે. ઘેરથી દર્શન કરવા નિકળી ત્યારે હર્ષ શોક રહિત અવસ્થામાં હતી પણ.... લાલ મહારાજે તાકીને રંગની પિચકારી મારી તેથી તે દિલગીર થઈ હતી. ગૃહસ્થો! નહીં કે તેની મોંઘી કીંમતની સાડી ખરાબ થઇ હતી, નહીં કે તે પિચકારી તિરની પેઠે ખુંચી ગઇ હતી, નહીં કે તે મ્હારાજને ધિઃકારતી હતી, ત્યારે તેને ગમગીની શાની ઉપજી? શ્રંગારના સ્વાદનું સ્તવન થવા લાગ્યું, પોતાની ખરી દુઃખી, કઠિન, બારિક, નકામી અવસ્થા યાદ આવી ગઈ, છાએલ પર

પડેલું રંગનું ધાબ્બું જાણે અંગમાં તિર વાગવાથી નિકળતાં રૂધિરનું ધાબ્બું પડયું હોયનો એમ તેને ભાસવા લાગ્યું. એ કરતાં વિશેષ વેદના થવા લાગી. તેને દુઃખમાં ડુબાડી ચાલો આપણે આગળ વધીએ. તેની સારવાર કરવી એ આપણા દયાલુ હિંદુઓનું કામ નથી. જો કોઈ નાવારસ ઢોર–પશુ અંગ પિડાથી પીડાતું હોત તો તેને તુરત પાંજરાપોરમાં મોકલત. જો કોઈ મ-સ્તાન ભિખારી છાતીપર પથરો મૂકી પછાડી ખાઈ મસ્તિકમાં દંડ લગાવી પૈસા કઢાવવા માગતો હોતતો કોઈ દુલો તેને મળી રહેત. ઉંટને ખવરા-વવા સારૂ પિંપળાના કુમળાં પાંદડાં લેવા જો કોઈ સરવાન[1] નાની ડાળો કાપતો હોત તો તેને ધમકાવત–અટકાવત પણ વિધવા પોતાનાં કર્મ અનુ-સાર કષ્ટ ભોગવે તેમાં હિંદુઓને શું? આવા વિચારના હિંદુ ભ્રાતોને હવે હું શું કહું? હે મન હાલ તો નાભિકમળના નિઃશ્વાસથી શાંતિ મેળવ. (શિવ! શિવ! શિવ!)

ફાલ્ગુન વદમાં કન્યકાઓને ગોર પુજવાનો રિવાજ છે. પોતે પણ એક વખત કુમારિકા હતી ત્યારે ગોર પુજતી હતી. સૌભાગ્ય અખંડ રહેવાને આર્ય રૂઢી મુજબ અનેક દેવ દેવીની આરાધના કરતી હતી. આજે તે દેવી ક્યાં ગઈછે? આજે તે ગોર ક્યાં ગેબ થઈ ગઈછે? નાની નાની હસમુખી અલંકારયુક્ત પ્યારી લાગતી નિર્દોષ છોડીયોને ગોર પુજતી જોઈ, ગમગીનીમાં ગિરફતાર થઈ અંતઃકરણની હાયથી અફસોસ કરેછે?

"અરે પ્રભુ મારા આ હાલ? અરે મારા શા અપરાધ? અરે નિષ્ઠુર કર્મ, અરે નિર્દય વિધાત્રી મારે માટે વૈધવ્ય ક્યાં રાખી મૂકેલું? કર્મઅનુ-સાર ફળ! પ્રભુ! મ્હેં શું કર્મ કર્યાં હશે? એક પુત્રી પણ નહીં? યુરોપના વિદ્વાનો કહેછે કે દરેક માણસ પોતાનું નસિબ પોતાની મુઠીમાં લઇને ફરેછે એ વાત શું સાચી હશે? એ કેમ મનાય? ત્યારે શું નશિબ સાચું હશે? ના, ના. એમ તો હોયજ નહીં. જો નશિબ સાચું હોય તો ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ઘેર કુશળ કાં હોય? આર્ય શિવાય બીજી કોમની વિધવાને ન-શિબ કાં નડતું નથી? ખરેજ હું તો ધારૂંછું કે અમારૂં નસિબ ખચિત હિંદુઓની જીભ ઉપરજ બેઠેલુંછે.

---

[1] ઊંટવાળો.

એક રાજાએ હાથમાં પોપટને પકડી પાસે બેઠેલા વિદ્વાન જ્યોતિષીયોને પુછ્યું કે આનું નશિબ કેવુંછે? આયુષ્ય કેટલુંછે? જોષીયો વિચારમાં પડ્યા કે શું જવાબ દેવો? જો નશિબદાર કહીએ તો રાજા તેને દુખી કરી કમ નશિબ છે એવી ખાત્રી કરી આપે. જો કમ નશિબ છે એમ કહીએ તો મહાન વૈભવમાં નાંખે. જો મરી જશે એમ કહીએ તો હમણાં છુટો મૂકી દેય. જો દિર્ઘાયુષી કહીએ તો હમણાં ડોકી મરડી મારી નાંખે. પછે વિચારીને બોલ્યા કે મ્હારાજ એનું જીવન મૃત્યુ સુખ દુખ આપના હાથમાં છે. એવીજ રીતે અમારૂં સારૂં માઠું નસિબ આર્ય અધિશ્વરોના હાથમાં છે."

રોતાં રોતાં રામનવમી ચાલી ગઈછે. નડતાં—અડચણ કરતાં—ગમગીની ઉપજાવતાં ચૈત્રી નવરાત્ર પણ ચાલ્યાં જાયછે. આજે અક્ષય ત્રીજ છે. ઘરમાં લાપસી કરેલીછે. શું સુખે લાપસીના અરે તેને મન ઝેરના કોળીયા ગળે ઉતરે? હિંદુ કુમારિકાઓ પોતાની સદોષી[1] રંમતમાં ધુળની લાપસી બનાવેછે તેવી તે વિધવા બાલિકાને મન વેળુની અરે ઝેરની લાપસી હતી.

વહુ જમવા ઉઠો. એ બોલે તેને કલ્પિત વિચારની નિંદ્રામાંથી જાગ્રત કરી.

મને ભૂખ લાગી નથી, મારા પેટમાં દુઃખે છે, હું સાંજે જમીશ.

થોડું જમજો. તમે નહીં બેસો તો બીજાં કોણ બેસશે?

સાસુના આગ્રહને માન આપી "ધિઃક છે તે ખાવામાં અક્ષયત્રીજનું મારે શું જરૂર છે. મૃત્યુત્રીજ કાં નથી આવતી" એમ મનમાં બોલતી, નિઃશ્વાસથી હૃદય ખાલી કરી ભારે પગલે ભોંયમાં પેશી જતી હોય એવી સ્થિતિ અનુભવતિ દયામણે ચેહેરે બોલ્યા ચાલ્યા વિના ભોજન ગ્રહમાં ગઈ. તેનો દયામણો ચેહેરો જોઈ સૌના મ્હો ઉતરી ગયાં. સૌ એક ટશે ટીકીને તેને જોવા લાગ્યાં. થોડી મીનીટ ત્યાં ચુપકીદી પથરાઈ ગઈ. સૌ મુંગાં મુંગાં

---

[1] દોરાવાળી એટલા માટે કે નિર્દોષ (વિકાર રહિત) નાની છોડીયોને નહીં છાજતી વર વહુની ઢીંગલા ઢીંગલીની રમત રમેછે, સામસામાં ફટાણા ગાયછે ને કુટણું શીખેછે.

ભાવ વિના જમવા લાગ્યાં. વખતે ધીરેથી, વખતે ઉતાવળથી એમ અનિયમિત રીતે કાંઈ ઉંડા વિચારમાં વલખાં મારતે બે ચાર કોળિયા ખાઈ હાથ મ્હોં ધોઈ ઉઠી નિકળી. ડુસ્કાં ખાતી બીજા ઓરડામાં જઈ રોકેલી અશ્રુધારાને છોડી દીધી.

ચાલો આપણે આગળ વધીએ. પછે શું થયું એ જાણીને પણ આપણે શું કરી શકીએ એમછીએ ? કદાચ પર પુરૂષનાં હૃદય ભેદનાર–પોતાની છાતી ફાડી બ્હાર [1] નિકળેલાં સ્તનને નિર્દયપણે માર માર્યો હશે. કુંભકાર તો કાચાં વાસણને ટપલા મારી દુરસ્ત કરેછે પણ કદાચ તે તો પોતાના ખોખરાં–ખાલી મસ્તકને હસ્તના ટપલા મારી નાશ કરવા ધારતી હશે. માળી જેમ બાગમાંથી નાના–શોભાયમાન પણ નકામા છોડ છુંટી નાંખેછે તેમ કદાચ તે પોતાના શરિર બાગમાંથી ધણી વિના નકામા થએલા–લાગેલા નાના ટુંકા [1] સુંવાળા રૂપાળા બાલ તોડી પાડતી હશે. કદાચ વૈધવ્યે આપેલી બુરી ફુરસદનો ઉપયોગ કરવા કલ્પાંત શાસ્ત્રનો અભ્યાસ કરતી હશે. વધુ વિવેચન કર્યે વળી શું વળવાનું છે ? કદાચ વિધવાની પિડ જાણનાર દયાળુ વાંચનારના ચક્ષુમાં અશ્રુ આવે પણ તેથી શું વિધવાનાં અશ્રુ બંધ થયાં ? કરૂણા જનક લખાણથી હિંદુ વાંચનારના ચક્ષુમાં અશ્રુ આવે પણ હૃદયમાં દયા આવે એમ ક્યાં છે ?

જેઠના તાપ અને ઉકળાટ મનની શાંતિ વિના કેમ સહન થાય ? મનની શાંતિ પ્રાણાધાર વિના કેમ થાય ? પ્રાણાધાર હિંદુઓ પાધરા થયા વિના કેમ મળે ?

સખ્ત તાપમાં બપોર વખતે સુંદર પલંગપર હાસ્ય વિનોદ કર્તી થતી પ્રગલભા ખોળામાં સુતેલા અમૃત પાતા પતિને સુંદર ચિનાઈ પંખાથી મંદમંદ પવન નાંખતી, શોભાયમાન આછાં વસ્ત્રે અર્ધ ઉઘાડે માથે બેઠેલી પ્રેમઘેલી પ્રેમદાની અદેખાઈ કરતી, જરા ઉઘાડાં રહેલા બારની ત્રડમાંથી અંગસંકોડી, ઉંચેશ્વાસે, ધાસ્તીથો આસપાસ નજર ફેંકતી, આધું ઓઢેલી, શરમિંદગીથી જોતી પેલી નિર્માલ્ય પણ ચતુર ચતુરાં કોણ છે ? ચાલાક વાંચનારા ચેતી ગયા હશે કે એ તો બીજી કોઈજ નહીં

---

[1] નવમે દિવશે આર્ય રૂઢી મુજબ મુંડાવેલું હોય માટે.

પણ આપણી આર્ય વિધવા છે. પાડોશીને ઘેર બ્હેનપણી પાસે પુનર્લગ્ન માટે શાસ્ત્રીઓ વચ્ચે થએલા વિવાદની હકીકત વાંચવા ગુજરાતી લેવા આવી હતી. સાહેલીના સુખનો જરાવાર પણ ભંગ નહી કરવા આસ્તેથી બારની ત્રડ–ફાટમાંથી જોઈ કુદરતી અદેખાઈથી ગુજરાતીને બદલે ગંભિર ગમગોતીનો ગંજ–ગુણજ્ઞજન પર ગુસ્સો લઈ રવાના થઈ હતી. આપણને પ્રિય લાગતું પ્રેમી દંપત્તિનું સંસાર સુધારાનું સુંદર મનોરંજક ચિત્ર સમજતી વિધવા સુમધ્યાઓને શું અસર કરેછે તે નિર્દય, ખોટાં દયાળુ, વૃદ્ધા રંડાના ઉપાસક, સ્વાર્થી પક્ષપાતી મનુષ્યો શું સમજશે? વિધવા બ્હેનો તમારા શ્રાપથી દિન પ્રતિદિન કમતી વરસાદ થાયછે માટે હાલ તો અશ્રુધારા રૂપી વર્ષાદથી ભારતને ભીંજવો.

વખતે કોઈ હિંદુ ગૃહસ્થની ઈમારત એકાએક ટુટી પડેછે તેનું કારણ ખુણે પડેલી ખોબલે આંસુએ રડતી રાંડેલીનાં ખારાં અશ્રુથી ખવાઈ ગએલી દિવાલતો નહીં હોય?

આજે અબળાઓ ઉલ્લાસમાં કાં છે? આજે નિમી એકાદશી છે.

કીશોરી–બાઈ મેં તો હમેશાં બ્રાહ્મણને એક સીધું આપવાનો નિયમ લીધોછે. તમે શું નિયમ લીધો?

વસન્ત–આપણાથી તો એવું કાંઈ ન બને. એ તમારાં નશિબદારનું કામ. મેં તો મારી મોટી સાસુજીના હમેશાં ચર્ણ ચાંપવાનો નિયમ લીધોછે. મારાથી તે બીજું શું બને? ખરો, સાચો, પકો નિયમ રાખવાવાળી તો આ ચંચળ ચંદ્રિકા છે. તેં શું નિયમ લીધો ચંદ્રિકા?

ચંદ્રિકા–મારાથી પણ બીજું શું બને? મેં તો સાડાચાર મહિના સુધી હમેશાં પતિ દર્શન કર્યા વિના જમવું નહીં એવો નિયમ લિધોછે. એથી સારો નિયમ બીજો આપણે માટે શું હોય? કુમુદે તો પતિના પગ ધોઈ ચરણામૃત લેવાનો નિયમ રાખ્યોછે. બાઈ આપણાથી તો તેવું કાંઈ ન બને. મારા લાલને તો એવું કાંઈ વધારે પડતું પસંદ નથી એટલે શું?

વસન્ત–જોયું કે કીશોરી, ચંદ્રિકા કેવી પંહોચેલીછે. પેલા પ્રાણલાલને ધરબ્હાર જવાજ દેવોજ નહી. કેવી સારી યુક્તિ છે? સાચો નિયમ તે આનું નામ. આવી રીતે કૂળિયાં વચ્ચે ઉભેલી રસિલીયો રમુજી વાતો કરેછે તે

તિણા કાન દઇ સાંભળનારી, વીલાંમુખવાળી, છુટા–ટુંકા બાલવાળી, સાદાં–મેલાં છાએલ વાળી પેલા બીજા માળની બારીમાં ઉભેલી કોણ છે ? વાંચનાર આપણી વિધવાઓના નશિબમાં આવાં રૂડાં પણ તેઓને લાગતાં કુડાં ચિત્રો જોવાનું જાણે સરજીતજ હોયની તેમ અકસ્માત તેઓના જોવા સાંભળવામાં આવી વાતો આવી જાયછે. સંસાર સુધારાના રૂડાં ચિત્રોની આવી મનોરંજક વાતો આપણે વારે વારે વાંચી આંનદિત થઈશું પણ તે વાંચો સાંભળી વિધવાની હૃદયલાહ્યમાં કેવું–કેટલું ધી હોમાતું હશે તેનો ખ્યાલ તમે કે હું કેમ કરી શકશું !

અષાઢ માસમાં મોરા કોત, મોળું મીઠાં વિનાનું ખાઈને ડેડાને નામે કુટવાનો રિવાજ હિંદુ કુમારિકાઓમાં છે. સઘળી સ્ત્રીઓ સદાય–જીંદગી પર્યંત સૌભાગ્યવંતી રહે એમ કાંઈ બનતું નથી. તેમ કુટુંબમાંથી કોઇ મરેજ નહીં એમ પણ બનવાનું નથી. મૂએલાંને શાંતિ તો બક્ષવીજ જોઇએ. અમારૂં રંઝ પુરાંણ–રૂઢી શાસ્ત્ર–બાપદાદાના જુના ચાલરૂપી સ્મૃતિ શિખવેછે કે મૂએલાંની પછવાડે અબળાઓએ છાતી તો ભાંગવીજ જોઇએ. વાસ્તે કન્યકાઓને ખાસ કુટણું શિખવવા સારૂજ ડેડા કુટવાનો રિવાજ ચલાવ્યો હોય, તેહેવાર પાળ્યો હોયની એમ માનવું અનુમાન કરવું ખોટું નથી. જાણે વસન્ત આદિ ઉમદા મહાન પ્રાચિન ઉત્સવ તેહવાર રદ થતાં તેને બદલે રૂઢીના પરિબળથી ઉપલા ડેડા જેવા તેહેવાર ઘુસ્સી ગયા હોય એમ જણાંયછે.

ગામ બ્હાર પાદરમાં, મેદાનમાં, તળાવપર, નદી કીનારે પેલી ચાલાક નિર્મળ છોડીયો મસ્તી કાં કરેછે. ઉછળેછે, પડેછે, કુટેછે, વિલાપ કરી રૂએછે ને હસ્તી જાયછે એ શું ? એ કેવી રમત છે ? વાંચનારે અજબ થવાનું કારણ નથી. ઉછરતી હિંદુ કુમારિકાઓને કુટણું શિખવાની–શિખવવાની એ વારશીક શાળા છે.—શંડેલી પછવાડેનું રોવું શિખવવાનો એ તેહેવાર છે. ઉગતી હિંદુ બાલીકાઓમાં કુડી રૂઢીના અંશ મૂકવાની એ વગર પૈસાની મહાન પાઠશાળા–યુનિવરસીટી છે. આર્ય કન્યકાઓની તે ઝાહેર કસરત શાળા છે, અને કુલિન હિંદુ કોમને વગોવનારૂં તે એક મશહુર કલંક છે. એ રમતમાં અન્યો અન્ય વર વેહેવાઈ થઈ કલ્પિત ઢીંગલા (ડેડા) ઢીંગલીને

પરણાવે છે. એ વખતે બાલીકાના મુખમાં નહીં શોભતાં હિંદુ કોમપર ફિટકાર વરસાવતાં ફટામણાનો વરસાદ વરસાવે છે. પરણ્યા પછે (ડેડો) મરી જાયછે અને તેની પાછળ કુટણું ચાલેછે. જોવા ગએલી રશિક પ્રગલ્ભાઓ પ્રોફેસરનું કામ બજાવેછે. નિર્મળ અંતઃકરણવાળી, જન્મથી દેખાદેખી કરવાના સ્વભાવવાળી, સારૂં માઠું નહીં સમજનારી, પારકાંના ચાળાચરકા, લટકાંમટકાં, હાવભાવ જલદી શિખવાવાળી, કુમળી લાડકીઓ શિક્ષકની મહાન મેહેનત વિના પણ હોંશે હોંશે અધ્યયન-મનન કર્યે જાયછે. અને ફક્ત પાંચ પાંચ દિવસના તે ત્રણ તેહેવાર જતાં તો જાણે મેટ્રીકયુલેશનની પરિક્ષા પસાર કરેછે.

જોવા આવેલી અંબળાઓના ટોળામાં જશ બહાર ઉભેલી પેલાં કાળાં કપડાંવાળી વિચારશિલ વનિતા કોણ છે? દાનેશમંદ વાંચનાર હવે તેને ઓળખવામાં ભુલ કરશે નહીં. એવી ખાત્રીથી તેની ઓળખાણ કરવી એક કોરે મૂકી તે શું વિચારમાં ઉભી છે તે તરફ વળીએ. તેં કાળની બલિહારી જોયછે, કુદરતનાં કર્ત્તવ્ય નિહાળેછે, મનુષ્યની નબળાઈ નિરખેછે, પોતે પણ કન્યકાવસ્થામાં હતી ત્યારે ડેડાને કુટયો હતો, ડેડાના સાસરાં પક્ષમાં એક વખત પોતે પણ ઉભી હતી, ખોટું કલ્પાંત કરી પછાડા ખાતાં પગપર જરા પથરો પણ વાગી ગયો હતો. આજે કેટલો બધો ફેરફાર છે. ડેડાની પછવાડે શીખેલું કુટણું પોતાના કંથની પછવાડે કુટવા કામ લાગ્યુંછે. ડેડાને કુટવા વિલાપ કરી મ્હોડું વાળી ખોટું ખોટું આંખ્યોમાં થુંક ભુંસી રોઈ હતી પણ આજે તો અશ્રુ ખાળયાં ખળતાં નથી. આ બધો કેવો ફેરફાર! ડેડાને કુટનારી પોતાની સાથેની સાહેલીયોમાંની ઘણી ખરી પોતાના પતિને કુટવા આવી હતી. ગઈ ગુજરી તેને યાદ આવી ગઇ. પાછલી તે અવસ્થામાં સુખરૂપ મનાતી રમતો આ વખતે તેને દુઃખરૂપ થઈ પડી. પુનઃ પુનઃ તેનું સ્મર્ણ થવા લાગ્યું તેથી તે વિવર્ણ બની. ખરી દુખી ખોટી રમત જોઈ શકી નહીં. બહુ બાલીકાઓના કુમળા-નાજુક હાથ ઉચે ઉંચે ઉછળી આસ્તેથી લીસી છાતીને અડતા તે જાણે પોતાની છાતીમાં પ્રહાર કરતા હોયની એમ તેને ભાસવા લાગ્યું. પરાણે-મુશ્કેલીથી અશ્રુ રોકી કાંઈ બ્હાનો કર એક છોડીને સાથે લઈ ગભરાએલી, ફગલાએલી, ઉતાવળી ઉતાવળી, ભારે

પગલે નિચું જોઈ નિશ્વાસ નાંખતી ઘેર આવી બારણું બંધ કરી પોતાની મેડીમાં ઉપર ચડી ગઈ. પછે શું થયું તે સાથે આપણે શો સંમ્બધ છે?

આપણે સ્ત્રી શિક્ષણિય મેળવવા માટે પોકાર કરીએછીએ પણ જ્યાં સુધી આવાં કુટણાંના શિક્ષણિય નાબુદ નહીં થાય ત્યાં સુધી ખરૂં-ઉત્તમ શિક્ષણીય કેમ આવી શકશે? એક મ્યાનમાં બે તરવાર બરોબર કેમ રહી શકશે? સુધારાવાળાઓએ પ્રથમ આવા નાના બુરા ચાલને લાત લગાવવી જોઈએ? મહાન મ્મરાંબ્રીનાં મૂળીયાં ઉખેડી નાંખવાં જોઈએ. ઊંચી ઈમારત પર ચડવા કુદકો નહીં મારતાં પ્રથમ પગથીયાં હાથ કરવાં જોઈએ.

હેમતમાં હેવ્રત[1] અને દુઃખમાં ખાસો દિવાસો સો પરબનો માસો જાસો[2] આપતો-ફાંસો ઘાલતો[3]-ડાંસો બનતો[4]-સાંસો પાડતો[5]-ઠાંસો કરતો[6]-પાસો ફેરવતો[7]-વાંસો થાબડતો[8]-લાસો[9]-ભાશ્યો[10] નાશ્યો[11] જાયછે.

આજે નાગપંચમી છે. ઘરમાં નાગદેવનાં દર્શન નહી થવાની માન્યતાથી હિંદુ મહિલાઓ નાગપંચમીનો તેહેવાર પાળેછે. વેહેમી વિધવાઓ પણ એ તેહેવાર પાળવાની જરૂર-ફરજ સમજેછે.

જવલ-કેમ નાગબાઈ આજે પાંચમ રહ્યાંછો કે નહી?

---

૧ સ્ત્રીઓમાં ચાલતું એકવ્રત.
૨ ધાસ્તી, આવતો દીવાસો જોવા પામીશ કે નહી, ઈત્યાદી.
૩ નવાં નવાં તેહેવાર રૂપી ફાંસ-ફાંસો ઘાલતો.
૪ ડાંસ, મચ્છર જેવાં પજવનારાં જીવડાં જેવો બનતો.
૫ સાંસો-ટોટો સુખનો ટોટો.
૬ ઠાંસો-ભરાવો દુઃખનો ભરાવો.
૭ નશીબનો પાસો ફેરવતો-તેહેવાર લાવી દુઃખ ઉપજાવતો.
૮ જાણે પીઠ ઠોકી એમ કહેતો હોયની કે ધીરજ રાખ હવે તેહેવાર તો ઘણાં આવશે.
૯ લાસોં-ચિકારા રહિત-મોજ શોખ વગરનો.
૧૦ દેખાતો.
૧૧ ચાલ્યો, ભાગ્યો.

નાગબાઈ—હવે મારે ને પાંચમને શું? હવે મારૂં શું રહ્યુંછે? મારૂં સર્વસ્વ ગયુંછે. માત્ર હુંજ બાકીછું. જો નાગ મને ખાઈ જતો હોય—ડંસી જતો હોય તો છુટકો મટયો.

જવલ—એમ ના બોલો બાઈ હજુ તમારે ભવ કાઢવો છે. હજુ તમારી કાચી અવસ્થા છે. આજથી આમ વૈરાગ શિલ થયું કેમ પાલવશે? એમ કર્યે જો આવી રહેતું હોય તો તો છુટકો મટયો પણ એમ કાંઈ કાળ હાજરજ હોતો નથી. જે મોત માગે તેનાથી મોત દૂર થતું જાયછે. બહુ બળતરાથી બહુ દુઃખ માથે હોરી લઇએ તેમ આખર અવસ્થામાં વધારે ઢસરડા કરવા પડેછે.

નાગબાઈ—એ બધું ડાહપણ દુધને કાંગવુ[૧] શીરાવનાર (સુખી) ને માટે છે. મારા જેવાં બળી રહેલાંને કાંઇ એવા વિચારો ન સુઝે. વધુ જીવ્યે વળી વધુ લાભ શું છે? ઘણું જીવીને ઘણું બળવું એજ કે બીજું? હવે કાંઈ અમારાં સુખનો આથમેલો સુરજ ફરી ઉગવાની આશા છે? એ નિરાશી અબળાને નિઃશ્વાસ નાંખતી અશ્રુ ખેરતી મૂકી આપણે આગળ ચાલો.

બૈરાંઓ, છોકરાંઓને હાથે—કોટે આ પીળા, બેડોળ દોરા શું બાંધેલાછે? આજે વિરપસલી છે. સર્વ ભલાભાઈઓ પોતાની બ્હેનોને આજે યથાશક્તિ પસલીને નામે કાંઈ આપેછે. એક તુરતની રાંડેલી સુમધ્યાને તેના ભાઈ તરફથી ભારે કીંમતનો પણ છેડા વિનાનો—પુખ્તાઇનો શ્વેત સાળુ અને ઉંચી પણ કાળી સાટીનનો કમખો મળેલોછે. તેને નિહાળી નિહાળી તે નવધાર આંસુએ રડેછે. ગઈ સાલ પોતે સૌભાગ્યવંતી હતી ત્યારે એજ ભાઈ તરફથી તેને કેશરી રંગની—ઉમદા સાડી અને ફ્રાન્સની રેશમી ઉંચી મોંઘી ફુલાવરની—સુધરેલી ફેસનની—ભભકાદાર કોર અને લેશવાળી બેવડા બખીયાની અંગ બેસતી સુંદર ચોળી મોકલી હતી. આજે આ કેવો ફેરફાર? તેજ નમુના મુજબ શીવડાવેલા કસકસતા કમખામાં આજે અંતર્શીવો[૨] ભરવો પડેછે. આટલી કૃષતાનું કારણ વાંચનાર વૈધવ્ય વિના બીજું શું આપી શકશે?

---

[૧] ગ્રામ્ય અનાર્ય કહેવત.

[૨] પ્હોળાં થતાં કપડાંને અંદરથી શીવી સાંકડું કરવું તેને અંતર્શીવો કહેછે.

એક ભાઇ પોતાની વ્હાલી બેનને કોઈ પણ આર્ય સૌભાગ્યવંતી સુંદરી પસંદ નહી પણ અપશુકન ગણે એવો દેશ નિકાલનો નહી પણ અરે આ તો દુનિયા નિકાલનો કાળો દરેશ અને સન્યસ્ત ત્યાગી આ રજાનો શ્વેત દરેશ પેહેરાવા નિકળી શકે પણ પુનર્લગ્ન કરવા ન નિકળી શકે એ શરમ ભરેલું, અજાયબી યોગ્ય, કરૂણાજનક, જુલમાટ ભરેલું અને ધિ:કારવા યોગ્ય નહીં કહેવાશે ?

આવા દરેશથી પુસ્તાપ પામેલી પ્રેમદાઓની અશ્રુધારા આપણા અધિશ્વરો કેવી રીતે રોકેછે તે હવે જોવાનું છે.

શ્રાવણનાં સરવડાં ઝીણા ઝીણા ઝમઝમ વરસતા વરષાદના બિંદુ તેને તિર જેવા લાગેછે. કુદરતી આકાશી ગર્જના તેને ગંભીર બનાવી ધ્રાસકો પાડેછે. ચમકતી વિજળીના ચમકારા તેને ચમક ઉપજાવે છે.— શબની ચિતા જેવા લાગેછે. વર્ષાદના જોરથી સરરરરરર કરતો ફુંકાતો ઠંડો વશમો વાયુ તેને અરરરર કરાવેછે. જુદા જુદા અદભૂત રંગનું રમણિય ધનુષ્ય આ મનુષ્ય (વિધવા) ને રિબાવી મારેછે. આસમાનના ખુલતા અલૌકિક ગંગ[1] નહીં વર્ણવી શકે તેવા ખંગ[2] વાળીદેતા અદભૂત રંગ તેના અંગને ઢંગ વિનાનું બનાવી, મનમાં જંગ મચાવી, તનને તંગ—કૃષ બનાવી, સાહેલીનો સંગ છોડાવી શાંતિના રંગમાં ભંગ કરતા હતા. વરસાદની દોડતી વાદળીઓ તેની રસવૃતિઓને ઉશ્કેરી—અરે દોડાવી મૂકતી હતી. ઉછરતી નવપલ્લવવેલીયો વરસાદની ધારાથી વૃદ્ધિ શુદ્ધિ પામી પોતાના પુર બ્હારમાં ઝાડને વિંટાઈ વળી હતી. એ જોઈ તેને સ્વઅવસ્થાનું સ્મર્ણ થવા લાગ્યું. પોતે જોબનના પુર બ્હારમાં છતાં પણ વૃદ્ધ જેવી વરને વિંટાયા વિનાની વિહવળ—વિકળ હતી. અશ્રુધારાથી તે અનાથ વૃદ્ધિ નહીં પણ વૃદ્ધ અને શુદ્ધિ નહીં પણ સંતાપી બનતી હતી.

બળતરામાં બળેવ ચાલી ગઇછે. આજે બોરૂ ચોથ—ગાય પુજાણી છે. પવિત્ર કામધેનુને માન આપવામાં, પુજવામાં, તેનું પુંછડું ચક્ષુને લગાવવામાં, મસ્તકે ચડાવવામાં, તેની ખરીનું છાણ વંદવામાં પણ અજ્ઞાન તોપણ ધર્મ રૂઢી ચુસ્તક સામાન્ય પક્ષે નિર્મળ આર્ય મહીલાઓ શું ઉછરતી કે પડતી સધવા કે વિધવા કોઈ પણ આનાકાની કરતું નથી.

---

[1] અકબરના વખતનો કવિ. [2] ખંગ—અવધી.

રત્નલક્ષ્મી—કેમ ભટ ફરાળની સામગ્રી તૈયાર થઈ કે ?'

ભટ—હા બાઈ તૈયાર છે. શેઠ આવશે તાં સુરણ તળાઈ રહેશે. ગોદી, તેં ફરાળમાં આજે શું બનાવ્યુંછે ?

ગોદી— અમારે ત્યાં પણ સર્વ જાતની સામગ્રી બનાવી હતી.

રત્નલક્ષ્મી— શું તું ફરાળ કરીને આવીછે ?

ગોદી—નહીં, મારે આજે ઉપવાસ છે મારી ભાભીને અને મટુ બ્હેનને પરાણે ફરાળ કરાવ્યું. મારી મા પણ ગાયની ખુરી વંદીને રહ્યાંછે.

રત્નલક્ષ્મી—ગોદી તું ખોટું કરેછે. એમ ભૂખ ખેંચ્યે કાંઈ સાર્થક થવાનું છે ? બગડેલી બાજી હવે કાંઈ સુધરવાની છે ? શું વિધવા થએ પેટ કાંઈ ભાડું છોડી દેય તેમ છે ? ચાલ મારી સાથે બેશી જા. જો ના પાડે તો મારા...

ગોદી—નહીં કાકી સોગન આપશો નહી, હું બેસીશ નહી, મારી મા પણ મારે સારૂજ ભુખ્યી રહેલીછે. તમે તેઓને સમજાવી જરા ફરાળ કરાવો હવે મારૂં તો આમજ ચાલશે. મારી તો જીંદગી બગડેલી—બરબાદ થએલીજ છે.

રત્નલક્ષ્મી—મ્હારી દીકરી તારા મ્હોંના બાણ જેવા બોલ હું સાંખી શકતી નથી, તું ઘેલીથા માં. હજુ તું બાળક છે. હજુ તેં પુસ્તકોમાંજ દુનિયાં જોએલીછે. તારા વાંચવામાં આવેલા વૈધવ્ય ધર્મો પ્રાચીન કાળના છે. કળિયુગના એ ધર્મો નથી. ચાલ મારી સાથે બેસી જા. પછે તારી માને ફરાળ કરાવીએ. શું તું સમજુ થઇને બધાંને ભૂખ્યાં રાખીશ ?

ગોદી—હવે હું શું સુખે ખાઉ ? ધિઃક છે મારા ખાવામાં અને ધિઃક છે મારા ફરવા હરવામાં. બળો આ દુનિયા અને જળો આ જીંદગી. વિનાશ થાઓ વૈધવ્યનો અને નખોદ જાઓ...........એમ બોલતાં તેનાં ચક્ષુમાંથી જ્વાળામુખી પર્વત ફાટતાં નિકળતા લાવાની પેઠે ગરમ અશ્રુ ધોધ વેહેવા માંડયા. તેને દુખમાં ડુબાડી આગળ જતાં આપણા હાલના હિંદુઓને દયા આવે એમ ક્યાં છે ?

આશ્રયી, નિર્દોષ, નિર્માલ્ય, નાજુક બાળકીના મુખમાંથી પરિતાપથી નિકળેલા શ્રાપ—નાભીકમળના નિઃશ્વાસ, અંતઃકરણની—આંતરડીની હાય,

હૃદયની લાહ્ય, રસનાની ડંસના, લોચનનો લાવા, અને મગજનો મરજ પૃથ્વી ચીરી નાંખવાને, પાતાળ ફાડી નાંખવાને, પર્વતોના ચૂરા કરવાને, ગગન ભેદી નાંખવાને, જંગલો સુકાવી નાંખવાને, વૃષ્ટિ વોખેરી નાંખવાને, તોફાન ઉશ્કેરવાને, સાગરની મર્યાદા મૂકાવાને અને વિનાશ અરે પ્રલય કરવાને શું શક્તિવાન નથી !

વિધવાના વ્હાલાં સગાંઓ ઉપવાસ અરે લાંઘણ કરે પણ લગ્ન ન કરે. (જૂઓ જૂઓ રૂઢીનું જોર તોર.)

ધુમાડાથી કે પછે કોણ જાણે શું કારણથી પણ રોતી લાલ આંખ્યોએ, ખરતાં અશ્રુએ રાંધણછઠ ચાલી ગઇ છે. આજે શિળ સાતમ–ટાઢી સાતમ તેને ટાઢી લાગી કે શું? ઠંડીં કાં પડી ગઇછે. શોક પાળવા ગળપણ નહીં ખાવાના ઠરાવથી ઠંડાં ખાધેલાં થેપલાં વશમાં લાગ્યાં કે શું? ગમે તે થયું હોય પણ આજે તે ગંભિર બની ગમગીનીમાં ગોથાં ખાયછે.

આ આખી રાત ધામધુમ શું? પાંચ બજ્યામાં હવેલીમાં દર્શન કેવાં? હલદી મિશ્રિત દંહી દુધની દોણીયો ગોવાળની માફક લાકડી પર સીંકામાં લઈ "આનંદ ભયોનંદ ઘેર આનંદભયો જે કનીયા લાલકી" એમ બોલતા પેલા મસ્તપણે ફરનારા–કુદનારા કોણ છે? એ તો ગોપ ગોવાલ છે. પ્રાચિન કાળની પશુ વૃદ્ધિનો, સમૃદ્ધિનો, તેઓના કૌવતનો, અને સંપનો દહીં દુધ ઉડાડી કાંઈક ઝાંખો ખ્યાલ આપેછે. આપણે સર્વે આ રમુજી ઉત્સવ જોઈ આંનદિત થઈશુ પણ દોણીયોમાં ઉછળતાં દહીં દુધની પેઠે વિધવાના કલેજાં ઉછળતાં હશે તેનું શું? ગોપગોવાલની ચકરડી ભમરડીની રમત જોઈ વિધવાનું ભ્રમિત મસ્તક ચકર ચકર ફરતું હશે તેનું શું? જશોદાજીને પુત્ર ઝુલાવતાં–રમકડાં ફેરવતાં જોઈ વિધવાના મન પુત્રની આ કાંક્ષાએ ડોલતાં હશે–ફરતાં હશે તેનું શું? દંહી દુધ ઉડવા સાથે વાનર પ્રકૃતિ વાળી વિધવાની કલ્પના ઉડતી હશે તેનું શું? અને અલંકાર યુક્ત લલનાઓને જૂદા જૂદા વિકાર અનુભવતિ દેખી અદેખી થએલી વિધવા બળી મરતી હશે તેનું શું? જો આપણા બડેખાંઓ વિધવાની વિકટ અવસ્થાનું આવું બારિક અવલોકન કરતા હોય તો હું ખાત્રીથી માનુંછું કે તેઓ પુનર્લગ્નની પક્ષમાં થયાવિના રહે નહીં.

ઉજમનોમ શોકમાં ગુજારતાં શ્રાવણી પ્રાચીના દિવસ આવી લાગ્યાછે.'સ્વર્ગમાં પાણીનો ટોટો હોવાથી આર્યના પુર્વજોને પાણી પાવાના એ પવિત્ર દિવસ છે. પોતાના પતિને પાણી પાવા આજે તે તિર્થ સ્થળે ગઈછે. સ્નાન કરવાના સ્થળના તિર, પીપળા, તુળસીમાં રહેલા પતિને તિર્થનું પવિત્ર જળ પાતાં અશ્રુનું મલિન જળ પણ પવાઈ જાયછે, આર્ય ધર્મવેત્તાઓ! તેને ક્ષમા કરો. આવા સમયે ભરાઈ આવતા ઉભરાને તે અટકાવી શકતી નથી. ટપકતાં અશ્રુબિંદુને તે રોકી શક્તી નથી. તમે તેનાં અશ્રુ લુંછતા નથી એટલે તે અશ્રુ સર્વના પુર્વજોને પીવાં પડેછે અને તેનું પાપ તમારે શિર રહેશે.

સાચી[1] જાચી[2] કાચીને[3] પ્રાચીરાચી[4] વિનાડાચી[5] નાખતી કાઢવી પડેછે. એ દેખાવ—એ સમય બહુ વશમો છે, પણ તેમાં વાંચનારને શું? વાંચનારને તે ક્યાં અનુભવવું પડેછે? પડે તે ભોગવે એવં ન હોત તો આજે હિંદુસ્તાન આવું કાં હોત?

ગણેશયો ભરાવતી[6] ગણેશચોથ અને ભો[7] ઉપજાવતી ધ્રો આઠમ ભાગી ગઇછે. શ્રાદ્ધ પક્ષ ચાલેછે. સ્વર્ગે નર્કે સીધાવેલા અને પુનર્જન્મ થએલા આર્યોના પીતૃઓ—પુર્વજો (બીજું કાંઈ રૂપ નહીં મળવાથી) લુચ્ચા કાગડાઓનું રૂપ લઈ (કોણ જાણે એ વખતે કાગડાઓનો પોતાનો જીવ ક્યાં જતો હશે) વાશ લેવા, શ્રાધ લેવા પુત્રો, પૌત્રો, દોહિત્રોનું કલ્યાણ કરવા મરણાંન્ત તિથીએ આવી પંહોંચેછે.

આંખ્યો લુંછેલી, અશ્રુ રોકેલી પણ ગાલપર સુકાએલાં અશ્રુના શેરડા વાળી, છુટા, ખુલા, ટુંકા, ભીના, પેલો છોટીયો છોકરો ભીક્ષા માંગવા આવેછે તેના જેવાં જટીયાં વાળી (ફેર માત્ર એટલો કે તે બાવાના બાલમાં રાખ ભુંસેલી હોયછે તે આમાં નથી, બાકી દેખાવ તાદ્રશ્ય તેવો)

---

[1] ખરૂં, સાચું. [2] માગનાર, માગવું. [3] નાની ઉમરની.
[4] ખુશી. [5] ગુસો, ચિડ, રાડો, ઈત્યાદી.
[6] જ્યાં અવળું થાય ત્યાં ગણેશયો ભરાઈ ગયો કહેવાયછે. ગણેશીયો એ ચોરના એક હથીઆરનું નામ છે. તે ભરાવાથી ખાડો પડેછે.
[7] ભો—ભય, બ્હીક, ધાસ્તી.

ડીબો ચડાવેલી, દિર્ઘ નિઃશ્વાસ નાંખતી, એક[૧] કાળાં કપડાં વાળી, અંગ સંકોડેલી, આધું ઓઢેલી, ટાઢના જેવા ઉકળાટાથી વખતે સ્હેજ ધ્રુજી જતાં અંગ વાળી, ઉતાવળે પણ ભારે પગલે હિલચાલ કરનારી, ઉંડી વિચારશિલ, બ્રાહ્મણને લાડુનું સીધું આપતી આ આપતિવાન અબળા કોણ છે? વાંચનાર કૃપા કરી ફરી ફરી તેની બારિક, ગુંચવાએલી, કષ્ટાત્મક અવસ્થાનું અધ્યયન કર્ય. તેને ઓળખી કાઢ, તેનાપર દયા કર્ય, ઇશ્વિરથી ડર્ય, પરોપકારનો રસ્તો પકડ, અને અનાથનાં અશ્રુ રોકતાં—સ્હાયક થતાં શિખ. એજ કલ્યાણનો ખરો—સાચો રસ્તો છે.

પોતાના પતિની શ્રાદ્ધ તીથી હોવાથી આર્ય વિધવા બ્રાહ્મણોને સીધું આપતી હતી. મારા જાતીભાઇઓ એવી તો ધારતી નહી રાખતા હોય કે વિધવા વરે—પરણે તો આવાં સીધાં ક્યાંથી મળે? એવું માનનારા ભૂદેવોએ યાદ રાખવું જોઇએ કે પુનર્લગ્ન થવાથી તેઓને વિશેષ પ્રાપ્તી થશે.

લોહી અંજીને થએલાં ટપકતાં અશ્રુ વાળી વિધવા યૌવનાઓના વરની પછવાડે મિષ્ટાન પટકાવનારાઓ પર હજારો હજાર ધિઃકાર પડશે. વિધવા બાલિકાનુ માંસ બાળીને ખાનારાઓનું ભવેભવ ભુંડું થશે અને વિધવાને રિબનારા—કાચીનેકોચી ખાનારા મહાપ્રલયસુધી અઘોર નર્ક ભોગવશે.

અપર—અધિક માસ ચાલેછે. લોકો ઉમંગમાં છે. પ્રાતઃકાળમાં પવિત્ર સ્થળમાં સ્નાન કરી શુદ્ધ થઈ ઉપવાસ એકટાણા કરી હરીકથા શ્રવણ કરી યથા શક્તિદાન પુણ્ય કરેછે. પુરૂષોત્તમ મહાત્મના અધ્યાય વાંચ્યા પછી ભાગવતની કથામાં કપિલદેવજીએ પોતાની માતા દેહુતીને આપેલું જ્ઞાન સાંભળતાં થએલાં શિથિલ ગાત્ર વાળી, સાદાં વસ્ત્રવાળી, ખિન્ન થએલાં મનવાળી, શાંત રસમાં ઉતરેલી, પ્રૌઢ વિચારમાં દિસતી આ પ્રૌઢા પ્રેમદા કોણ છે? વાંચનાર! એ બાળ રાંડેલી પણ હાલ પ્રૌઢાપદ પામેલી આર્ય અબળા છે. કપિલ મુનીનું જ્ઞાન સાંભળી તેને પાછલી અવસ્થા—કુકર્મનું ભાન આવ્યુંછે, અનીતિ તેને નડેછે, ડંખેછે, પાડેલાં કાચાં બાળકોના પોકાર આજ તેને સંભળાયછે, રખડતાં, પૃથ્વી માતાને સોંપેલાં, કૂવામાં ફેંકેલાં કુમળાં બાળકો આજ તેને બળાપો કરાવેછે, બરછી ભોંકેછે. જમના દુત

[૧] ચોળી પેહેરેલી નહી માટે.

તનને માર મારે ત્યારે ખરો પણ મનને માર પડતોતો તે અનુભવેછે. ધિ:-કારેલી નેકીના ઝેરી ફટકા પસ્તાવાએ આજ તેની પુંઠ પકડેલીછે. પવિત્ર મનના વાંચકો! તેને ક્ષમા કરો. તેના મહાન અપરાધની સાથે આપણો પણ અપરાધ જાણી તેનાપર દયા કરો. મી. સ્ટાનલીએ જે મીસન ઉપર મૂકેલા હબ્સી ગુલામડીને જંગલીઓને ખવરાવી દેવાના અપરાધનો ભયંકર અધુરો ચિત્તાર વાંચીને આપણે કમકમીએછીએ પણ આપણા તેને લગતાજ કમકમાટી ભરેલા પુરા ચિતાર—અરે તાદ્રશ્ય નજરે જોઇને પણ આપણી આંખ્યો ક્યાં ઉઘડેછે? કદી મનમાં દયા આવે પણ તે દયાનો કાર્યમાં ઉપયોગ થાય એમ ક્યાં છે?

આજે દિનતા દેનારી વિનતાને ગમતું દશમ સ્કંધ વંચાયછે. યમુનામાં ન્હાતી ગોપીઓનાં વસ્ત્ર ચોરી કૃષ્ણ કંદબ ઉપર ચ્હડી ગયા પછી બીજાથી લગ્ન થએલી નગ્ન ગોપીઓ વસ્ત્ર મેળવવા માટે આજીજી કરેછે. એ અધ્યાય વર્ણવી શ્રવણ કરવાનું યજ્ઞફળ દર્શાવી મગ્ન ભટજી દગ્ધ વિધવાના હૃદયમાં અજાણતાં ભગ્ન પાડેછે. નપુશંકને કામ ઉપજાવે તેવા ઉપલા શ્રંગાર રસના ખુલ્લા દાખલાથી કામાશક્ત—કામની કળા પર ચડેલી કામીનીને શી અસર થાયછે તે રૂઢીની ઘરડમાં ઢસડાવાવાળા, વૈધવ્યમાં કલ્યાણ માનનારા, કામની કદર—પરિબળ નહી જાણનારા, અજ્ઞાન—અરસિક મનુષ્યો શું સમજશે? પાઠકો! શ્રંગારથી ભરેલી ઉપલી અને એવીજ બીજી કથાઓ વિધવાને સંભળાવવી વાજબી છે કે?

આશ્વિનનાં નવ રાત્ર ચાલેછે. સૌ સૌના ફળીયાંમાં સૌ સૌભાગ્યવંતી રશિક રામાઓ ભેળી થઈ ઝીણા, મધુર, સુંદર સ્વરથી, પ્રસન્ન વદને અન્યોઅન્ય મધુર મશ્કરી કરતે ઉમંગથી પ્રીત રસથી ઝરતા—શ્રંગારમાં ઝબોળેલા આપણા અપ્રસિદ્ધ કવિઓ એ કૃષ્ણ ચરિત્ર ઉપરથી રચેલા કોઈ કોઈ કામીનીના મનપર માઠી અસર કરનારા પણ મનહર ગરબા ગાયછે.

"સખી આવ્યોરે કારતક માસ કે કંથ સિધાવિયા"

એ પુરૂં થઈ રહ્યા પછી

"ભર દરીયામાં મૂજને મૂકી વેહેતીરે વાલાજી."
"નિર વિના તો નાગરવેલ સૂકાયરે વાલાજી."

"આ એકલડી દાસીના દિન કેમ જાય મારા વાલાજી."
"જંપ્પનામાં જાયછે આઠે પોહરરે વાલાજી."
"પ્રાણ તજીને પાડું મારી દેહ મારા વ્હાલાજી." ઈત્યાદી.

તારા પણ આરૂં ગવરાવેછે પણ રંભાને ન પહોંચે. બિચારીની બાજી બગડી ગઈ બાકી તેનો લ્હેકો કયાંઈ ન આવે.

સૌ પાસે બેઠેલી, રંડાએલી, ડંભાએલી, રંભાને ઉઠવા અત્યાગ્રહ કરેછે. અલી ઉઠને મોંઘી શું થાયછે? શીવકોર હજુ તો ગએ વરસેજ રાંડી તોપણ ઢગરા ગોર[1] માં અમીરી સાથે ગરબીમાં ઉભી હતી. તારે રાંડયે તો અઢી ત્રણ વરસ થઇ ગયાં હવે શું છે? હજુ તો તું નાની બાળક છે. એમ કરીશ તો કેમ ચાલશે? અંતે હા ના કરતે લજવાતે લજવાતે ઉભી તિવ્રસ્વરે ભાર મૂકી ઉછરતી છાતીએ નહીં વર્ણાય તેવી ગુંચવણ ભરેલી સ્થીતિ અનુભવતે ગવરાવેછે.

"આદિતે અલબેલી મોહન ગયાછે મ્હેલી"
"થઇને ફરૂંછું ઘેલી ગમતી નથી હવેલી."
"જાુગમાં ફરૂંછું ઝાંખી સુરજ મારો સાખી"
"જ્યાં પોકાર પાડું કાટે નહી પેટ ફાડું."
"આદિતે અલબેલી મોહન ગયાછે મ્હેલી"
"થઇને ફરૂંછું ઘેલી ગમતી નથી હવેલી." ઈત્યાદી.

અહલ્યાહને શિલા થઈ જવાનો ગૌતમનો શ્રાપ સાંભળી જે અસર થઈ, રતિ દાનની ઈચ્છાવાળી આશક થએલી મેનકાને વિશ્વામીત્રીના "ના" ના જવાબથી જે અસર થઈ, ઈંદ્રિજીતનો કપાએલો હાથ જોઈ સુલોચનાને જે અસર થઈ, દુર્યોધને પોતાના ખોળામાં બેસવાનું કહેતાં દ્રૌપદીને જે અસર થઈ, અનિરૂદ્ધને બાંધેલો જાણી ઓખાને જે અસર થઇ, ચંદ્રાપિડને મૂવેલો જાણી કાદમ્બંરીને જે અસર થઈ, સત્યવાનને યમ રાજા લઈ જતાં જોઈ સાવિત્રિને જે અસર થઇ, દરિયાખાંએ મૂકેલું કલંક સાંભળી ગુણ સુંદરીને જે અસર થઇ, પોતે પોતાનાજ કુમાર હેમીકને મારેલો જોઈ હેલીનાને જે અસર થઈ અને સિદ્ધરામને બેવફા થએલો જાણી ઈરાવતીને જે

[1] સ્ત્રીઓની ગોરને ઢગરા ગોર કહેછે.

અસર થઈ તેવી અસર ઉપલાં ગીતથી ભોગવતી પેલા ચોકપર મસ્તકને હસ્તનો ટેકો આપી બેઠેલી જાણે ચંદ્ર ઉપરની ચીઠથી નિચું જોઈ રહેલી, જાણે પાતાળમાં પેશી ગએલાં સુખને શોધવા મચેલી, કપાળ પર હાથ મૂકી જાણે કર્મ દર્શાવતી, જાણે હૃદયના ચિરા કરવા ધુસ્સી જતા શબ્દો અટકાવવા પેહેરેલાં છાએલનું સોડીયું સંકોડતી, ટાઢના ઉફળાટા અનુભવતી અને દાઢીએ હાથ મૂકી આકાશ તરફ જોઈ ચંદ્રને પોતાની અવસ્થાનો સાક્ષી રહેવા કહેતી હોયની એવી દિસતી પ્યા દુઃખી દારા કોણ છે? ઉભાઈજતી પ્રીતના ઉગલા મનહર શબ્દો બાણનું રૂપ લઈ તેને મારેછે. આશક્તિની ભક્તિના આ ભભક ભરેલા બોલ તે યૌવનાના હૃદયને ભેદેછે. પરિપુર્ણ પ્યારના આ પ્રમાણ શબ્દો તેના મગજમાં વિદ્યુત શક્તિ—ગતિ ઉત્પન્ન કરેછે અને સખ્ત લાગતાં છતાં તે રશિક શબ્દોનું પુનઃ પુનઃ સ્મર્ણ કરી વિવર્ણ બનેછે.

ચાલો આપણે પેલા ચકલાની ગરબી જોવા જઈએ.

છોકરાંઓ અને યુવાન પુરૂષો ઉમંગમાં છે. જગત્ અંબાને રીઝાવવાને નામે, તનની આરોગ્યતા, મનની ખુશાલી અને આરતા વધવા માટે નવરાત્રનો તેહેવાર પાળયો હોય એમ જણાયછે. ઘણાં સાધનો વડે ઈંગ્રેજી જુદી જુદી જાતની કસરત કરવાથી સાંધાઓને જે શક્તિ—ગતિ મળેછે તે કરતાં વગર સાધને ફક્ત ગરબીમાંજ ધુમવાથી—ખેલવાથી સાંધાઓને વધારે સારી કસરત મળી શકેછે.

ભાભીજી જૂઓતો તમારો નાનકડો કેવો કૂદેછે.

સાકર—મોરના ઈંડામાં કાંઈ ચિત્રામણ જોવું હોય કે? એનો લટકો તો જૂઓ.

ફૂલ—આ રળીઆતનો વર તો બહુ રસિલો છે. જોતો કાનાની પ્રીતડી કેવી સરસ રીતે ગવરાવેછે.

ગંગા—હા એ ગવરાવવામાં હુશીયાર છે પણ શરિર વાળવામાં અને લટકામાં ફૂલીના વરને ન પહોચે.

કૃષ્ણા—આ લાભના વરને તો મુદલે આવડતું નથી. એ તો બધાંને હસાવવા નટાવો છે.

મોતી—ભલે બધા ખુંદે[1] પણ (પાસે બેઠેલી તરફ આંગળી બતાવીને) આ ગલાલના વરની છટા આવે નહી. એ જ્યારે હતો ત્યારે સૌથી ચહીયાતી ગરબી આ ફળીયાની ગણાતી.

આર્યો! જોવા ગએલી વિધવાઓના દિલમાં ઉપલા વિનોદથી દેવતા પેદા કેમ ન થાય? પ્રાચિન રૂષિઓ મંત્રના બળે અગ્નિ ઉત્પન્ન કરતા એમ તો બનતુ હોય ત્યારે ખરૂ, પણ વિધવાઓને તેઓનાજ હૃદય બાળવા અગ્ની ઉત્પન્ન કરતાં તો આપણે જોઇએછીએ.

વિજયા દશમી! વર વિના વિજય શેનો? વિજયા દશમીનું મારે શું જરૂર છે? હું તો નાશ દશમી ઇચ્છુંછું—શોધુંછું. એમ મનમાં બકબકાટ કરતી વિજયા[2] પીધેલી જેવી, વિચિત્ર દેખાવની, મન તરંગમાં ઉછળતી વિચાર હિંચકે હીંચકતી, કલ્પનાના શૈલપર ચહડતી, પડતી દશાના પવનમાં ડોલતી, ભાન ભૂલેલી આ ભામિનિના હાલ આવા કાં? એ તો આર્યોની દયા!! એ તો રૂઢીની રીતભાત!! એ તો ધર્મની શ્રેષ્ટતા!!!

આજે શરદ પુર્ણીમા છીપતો મ્હો ફાડીને બેઠેલીજછે. પણ મોતી ઉપજાવવા સ્વાંતિના બિંદુ ક્યાંછે? ઉડતાં માછલાંના પડવાથી, પડતા છાંટાથી, કાંઈ કિમતી મોતીની પેદાશ થાય કે? હીંદુઓ શા માટે અસંખ્ય કિમતી મોતીની પેદાશ ગુમાવતા હશે?[3]

તન મન બાળતે ધન વધારાની આશા વિના ધનતેરસ ચાલી ગઇછે. કાળી લાગતી કાળી ચૌદસ, કુરૂપ દિસતી રૂપ ચૌદસ, રૂઢી ચૂડેલ—ડાકણ વંત્રીનો ભોગ થએલ ભામીનીના અંતઃકરણમાં આજે વેહેમી લોકો માનતા ભુતડાંનાં ભડકા જેવા ભડકા બળતા હતા. ચળીતર[4] ઉપરથી આજ તેને પ્રીયના ચરિત્ર યાદ આવતાં હતાં.

દિવાળીને દિવસે દિવાળીના[5] દીલમાં હોળી કેમ બળેછે? દીપનો ઉત્સવ ઉમંગીયોને માટે છે, નહીં કે વિધવા માટે. વિધવાને મન

---

[1] ગરબી લેવાને, ઘુમવાને ખુંદવું પણ કહેછે. [2] ભાંગ.

[3] અર્થ ગુહ્યછે. ઉંડા ઉતરી મગજને તસ્દી આપો એટલે આપોઆપ અર્થ જણાઇ આવશે.

[4] ભૂતાવળને ચળીતર પણ કહેછે. [5] દીવાળી નામની સ્ત્રી.

લાઇટિ લોહી જેવી, દીવાહોળીની ડાકેણ જેવા, રોશનીની ભભક ભૂતના ભડકાં જેવી, અને આતશબાજી શબની ચિત્તા જેવી જણાયછે. અરે આ શું? આટલી બધી માણસની દોડાદોડ કાં? વાંચનાર આ ધમાધમી જોઈ ગભરાઈશ નહી, કાંઈ રૂશીયનો ચડી આવ્યા નથી, ક્યાંઇ લાહી લાગી નથી, કોઇ જોવા જેવો અદ્દભૂત ચમત્કાર થતો નથી, ત્યારે શું છે? આખું શોહેર અને તેમાં વીશેષે વિનતાઓ ઉલટી કેમ પડીછે? સજનો! હિંદુ ધર્મનું પરિબળ જોઈ રાજી થાઓ, આર્યોની મુસ્તાક આસ્તા જોઈ હૃદયને પ્રફુલ્લીત કરો અને આર્ય ધર્મની શ્રેષ્ટતા વધારવા અંતઃકરણથી ઇચ્છો.

બ્હારના દેખાવથી ઉપર પ્રમાણે ખુશી થઈ હૃદય કમકમાવવા હવે મંદરની અંદર ભીડમાં ધસો. આપણા શેઠીયાઓ કસરત નહી કરતા હોવાથી તેઓને આવે વખતે ઠીક કસરત થાયછે. સુધારાવાળાના અસર કારક—હૃદય ભેદક ચાબખાને નહીં ગણકાર્યાથી જાંણે ગ્રંહિ ભૈયનના મજબુત હાથની ઝાપટો ખાવી પડેછે. અરે આ શું? ભાવિક વૈશ્નવો? જરા આ તરફ નજર કરો. પેલા બે લુચાઓની બાથમાં આ નાજુક બાળકી કોણ છે? ઝાહેરમાં અસ્પર્શ જગ્યોએ તેઓના હાથ કેમ પડેલાછે? અરે? મંદિરે શું પવિત્ર પ્રેમદાના પતિવ્રત લુટાવા માટે છે! દેવસ્થળ શું વિષયિજનની અધુરી ઇચ્છા પુરી પાડવા માટે છે? અને ભક્તિ સ્થળ શું પાપ બાંધવા માટે છે? દુષ્ટ પુરૂષના મજબુત હાથમાં સપડાએલી, હેબતાએલી, ફુગલાએલી મુર્છીત છે કે શું? ચીસ કાં પાડતી નથી? બહુ બળથી છુટવા યત્ન કરેછે, પણ છુટી શકતી નથી. છુટવાની તાકાત નથી. અંતે દસવીસ માણસોએ પેલા લુચાઓને લાત મુકી મારી નસાડી પેલી નિર્દોષને છુટી કરી. ભયભીત હાલતમાં તે ત્યાં ટુટી પડી. તેની સારવાર કોણ કરે? જાણીને નહી પણ ધકાધકી—કચડાકચડીમાં તે કચરાઈ. અંતે કોઇએ તેને સ્તબ્ધવસ્થામાં ઉપાડી ચોકપર બેસાડી. પડતે પડતે માંડમાંડ હવેલી બ્હાર નિકળી ગાડીમાં બેસી જીવતી ઘેર પુંહોચી.

સાત લેપ ને પંદર દિવસ શોક!! દેવ ત્રુઠયા?? દર્શનનું ફળ મળ્યું???

વર્તમાન પત્રોના રીપોર્ટરો આવી બીના જોઈ શકતા—મેળવી શકતા

નથી એ અજાયબી છે. ઘણા પાપી હાથો એવી ગીડદીમાં અસ્પર્શ સ્પર્શ કરી જાણે વિધવાની ઉંઘી ગએલી લાગણી ઉશ્કેરેછે, ઘણી કઠિન કોણીઓ એવા સમયમાં જાણે અજાણે સ્તન સાથે ઘસાયછે, સંખ્યાબંધ પાપી આંખ્યો લુબ્ધી ખુબસુરતી પર ફિદા થઈ પાપ વાસનાને જન્મ આપેછે, અને પર પુરૂષને નહી અડનાર પવિત્ર આર્ય યુવતી હલકા ખવાસના પુરૂષ મંડળમાં ઝાહેર રગદોળાયછે. આમાં વાંક કોનો? શ્રીમંત હિંદુઓનો, અને મંદિરાધિકારીયોનો. કારણ જો સ્ત્રી પુરૂષનો મહલાજો સચવાય એવો સગવડ ધર્માલયોમાં કરી હોય તો પછે ઉપર પ્રમાણે શા માટે થાય?

મંદિરમાંથી માંડમાંડ જીવનાં નિકળતાં આ વળી પગરખાં પાસે ગડબડ શી? એ તો દસવીસ જોડો અદલબદલ થઈ ગઈ છે. અને નવી પાંચદસ જોડો અજાણતાં કોઈથી પેહેરાઈ ગઈ હશે. કદાચ સ્ત્રીઓમાં આ સારૂંજ પગરખાં પેહેરવાનો રિવાજ નહી હોય તો કોને ખબર?

આ ઉપરથી કોણ ખાત્રીથી કહી શકશે કે લોભીયાઓનું–ગરિબોનું દિલ ભક્તિ કરતાં ઉપાનમાં નહીં જતું હોય? વિધર્મી વાંચનારા! તમે અજબ થશો નહી. હિંદુઓનું ટટ્ટુ એમજ ચાલેછે. ધર્મના કાળાં ચિત્ર આપીને હું આનંદિત થતો નથી. પણ ઉપાય શો? તેમ પણ થવું જોઈએ. ભૂલ જણાયા–ઝાહેર થયા વિના સુધરતી નથી. આવી ભૂલ સુધારવી તે અમુક મનુષ્યનુંજ કામ નથી. સાર્વજનીક છે. આર્ય ધર્મનું શ્રેય ઈચ્છનાર દરેક મનુષ્યે કરવાનું તે કર્ત્તવ્ય છે.

આજે બેસતું વર્ષ. અન્નકોટના દર્શન કરવા લોકો દોડાદોડી કરેછે. આજના શુભ દિવસે સ્વગ્રહમાં અશ્રુ પાડી આખું વર્ષ ખરાબ કરનારી પેલી કોણ છે? પ્રાણાધાર અન્નકોટનાં દર્શન કરવા તે કેમ જતી નથી? હવે તેને પ્રાણ રાખવાની દરકાર નથી. હવે તે સાલ–વર્ષ સુધારવાની આવશ્યકતા માનતી નથી. વગર ફોટોગ્રાફે નજર આગળ ખડાં રહેતાં પ્રિયના જૂદા જૂદા વખતનાં જુદાં જુદાં ચિત્ર, વગર ફોનોગ્રાફે સંભળાતાં પ્રિયના અમૃત વચનો અને જીવન ચરિત્રના પુસ્તક વિના હૃદયમાં રમતું પુરેપુરૂં જીવન ચરિત્ર એજ તેને દર્શનિય હતાં.

આવી પવિત્ર આર્ય સુંદરીઓને હાલના સુધરતા જતા કાળમાં ક-

ચરાતી જોવી એ તદ્દન અયોગ્ય છે. દુખીને દુ:ખમાંજ ડુબાડેલી રાખવી એ એક અપરાધ છે.

દેવ આવ્યાં[1] જેવી સ્થિતિમાં ડુસ્કાં ભરતે દેવદીવાળી ચાલી ગઈછે.

આ ગીત કોનાં ગવાય છે? એ તો પેલા શેઠની વહુનાં શ્રીમંતનું મુહુર્ત માગસર વદ ૩ નું છે તેનાં ગીત ગવાય છે. આ શુભ સમયના સુંદર ગીત સાંભળીને પાડોશીના ઘરમાં એકાંતમાં પેલી યૌવના રૂવેછે શા સારૂ? તે પણ પેલી શ્રીમંતવાળી સુંદરીની સરખીજ વયની છે. બંને સાથેજ રમતી હતી. લગ્ન પણ લગભગ સાથેજ થયાં હતાં પણ ભાગ્ય દેવીએ આજે કેવો ફેરફાર કરેલોછે? પોતે પણ શ્રીમંતના લ્હાવમાં આવવા લાયક વયની હતી, સાથે રમતી સખી ને શ્રીમંત ને પોતાને વૈધવ્ય? અદેખી અબળા આ કેમ દેખી શકે? સખીનું સુખ જોઈ સંતોષ પામે પણ સાથે પોતાની સ્થીતિ જોઈ પછાડી કેમ નખાય?

આપણા બાવા–શાસ્ત્રીજ તેઓના આસ્તિક હૃદયમાં પુત્રની આવશ્યકતા પેસાડેછે. આપણાં શાસ્ત્રજ તેઓને ગમે તે ઉપાયે પણ પુત્ર ઉત્પન્ન કરવાની ફરજ પાડેછે. પરલોકમાં પરમગતિ પામવા માટે પુત્રની જરૂરીયાત છે એવું જ્ઞાન આપણી તરફથી તેઓને મળેછે અને કન્યકાવસ્થામાં કલ્પિત પુત્ર કરી લાડ કરતાં–પ્રેમ ઉપજાવતાં રમતમાંજ આપણા રિવાજે શિખવેલું હોયછે. પુત્ર માટે એટલું ઉચું મત બેસાડયા પછી વિધવા થએ પુત્ર રહિત રાખવી! ધન્ય છે ધર્માંધ ધર્મને!! ધન્ય છે સાંકડી સરસ્વતિને!! ધન્યછે... હિંદુ કોમને!!!

દંપત્તિને આનંદ આપનારો શિયાળો–પોષ માસ ચાલેછે. લોકો પુષ્ટીના પાક ખાઈ મ્હાલેછે. ગરમ વસ્ત્રથી અંગ ઢાંકી આરોગ્યતા ભોગવેછે. એવા સમયમાં કડકડતી ટાઢમાં ટુંટીયુંવાળી અમુક જાતનું દરદ ખરિદતી પેલી કોણ સુતેલીછે? તેના સંતાપી દીલને સગડી ગમતી નથી. ગરમ વસ્ત્રનો તે ધા કરેછે.

દયાળુ મહાત્મા? હાચાં કકડાવતી પર કૃપાળુ થાઓ.

ભલી લાગણીનો દુ:ખી અબળા? ભલે તમે પોતેનું શ્રેય થવા સારૂ

---

[1] ધ્રુજવું, ધ્રુણવું એને દેવ આવ્યાં કહેછે.

સંક્રાતી સબબ બ્રહ્મણોને તલ ત્રાંબાનું દાન આપો પણ કૃતઘ્ની બ્રાહ્મણો તમારૂં શ્રેય થવા દેય એ આશા રાખશો નહીં.

આ મીલાવડો કેમ મળેલોછે? સાકર સોપારીની લ્હાણી કેમ થાયછે? અલી રામકુંવર આં શું છે?

રામકુંવર–એ તો હરખના મોહનનું વેશવાળ થયું તેનાં સોપારી વેંહેંચાયછે.

આ મીલાવડામાં ધ્રુસકતી છાતીવાળી, ઉતરેલ મ્હોંવાળી, ચુડી ચાંડલાની ખોટથી ઓળખાઈ આવતી પેલી વિચારશિલ વિનતા ઉમંગીને બદલે ગંભિર કેમ છે? પોતે હરખ કરતાં સ્હેજ મોટી ઉમરની હતી. એક લગને બંને પરણી હતી. બંનેના પતિ પણ સમાન વયના હતા. "ધણી હોય તો મારે પણ મોહન જેવડો દિકરો હોયના? હું પણ સગાંવ્હાલાંની રીતમાં–લાહાણ કોડમાં આવી હોયના? હરખ કરતાં તો હું ઘણી વધારે સુખી હતી." શું એ ખ્યાલ તેને ભંભેરીને ભૂત કરવાને બસ ન હોતો?

આજે વસંત પંચમી[1] વાજીંત્રનો મોટો નાદ આનંદ પ્રવર્તાવી રહ્યોછે. મધુર ગીતની ચિત્કાર ધ્વનિ ચો તરફ ફેલાઈ રહીછે. સમ્બધીયો–સ્નેહીયો ઉમંગથી મગ્ન છે. સ્ત્રીઓ સુશોભિત વસ્ત્રાલંકારથી દેવાંગના જેવી શોભી રહીછે. ટુંકામાં સઘળે સ્થળે ખુશાલી પથરાઈ ગએલીછે. આવા ખુશાલીના સમયમાં–લગ્નના શુભકાર્યમાં એકાંત ખુણામાં અશ્રુ પાડી અમંગળ કરનારી, ઉપરા ઉપર નિકળતા નિઃશ્વાસથી નિર્માલ્ય થએલી, વારંવાર ખાતી ડુસકાથી ડગમગી ગએલી, વખતા વખત સેડા–લીંટ કાઢવાથી સ્મૃતિ ભૂલેલી આ સુંદરી માથે એવું તે વિપતિનું કયું વાદળ ટુટી પડેલુંછે કે આટલો બધો વલોપાત કરેછે? તેની જેઠાણી ગુમાનકુંવરની દિકરી લાડકુંવરના લગ્ન છે. લાડકુંવર પોતાની રાંડેલી કાકી માનકુંવરને મોટાં માન સાથ ચાહતી હતી. ગુમાન યથાનામા તથા ગુણા જેવી–ઘણા હિંદુ કુટુંબોમાં દેરાણી જેઠાણી વચ્ચે ચાલતા દોરથી ચાલવાવાળી હતી. "આમનીમર, બહુ બોલી, ~~એનો તું ડાકી છે~~ તે જાણ્યું. આખો દિવસ એનાજ કાન કર-

[1] કોઇ દેશ દાઝના ગુણજ્ઞ વિરે આ ઉપરથી અથવા બીજી રીતે લોક પ્રિય રાગણીમાં "વિધવા બારમાસી" રચવી જોઇએ.

દયા કરીને શું એના જેવું થવુંછે"? ગુમાનના આ ગુમાની શબ્દોનો કાનને સ્પર્શ થતાં નિખાલસ લાડકુંવર ચોંકી ઉઠી ઉભીથઈ ગુસ્સામાં મા પાસે જવા નિકળી.

માણેક, જોયો કે ભલાઇનો વખત, મારી તો મરજીજ ન હોતી પણ તારા કાકાએ રાંડ અપશુકનીને ઘરમાં ઘાલી તેનાં ફળ જોયછે કે?

કેમ માણેક, ગુમાનબાઈ વળી શું ઉખળ્યાંછે, એટલાં કામમાંથી એને તે વાતો કરવા નવરાઈ ક્યાંથી મળતી હશે?

જીવી હું તે શું કરૂં? પેટે બળતું કહેવું જોઇએ, રાંડ ડાકણ પોતાનું તો ચોખું કરી બેઠી?

કોણ?

કોણ તે બીજું કોણ? માનુડી.

પણ સાથે બીજાનું પણ તેવું ઈચ્છે. આખો દિવસ મારી લાડડી સાથે પટપટારો કર્યાજ કરે એ હું કેમ દેખી શકું? તોય હું તો ખમી રહી. તેને તો મેં કાંઈ કહ્યું નહીં પણ મારી લાડડીને ધમકાવીને કહ્યું કે "આખો દિવસ એના પાસે બેસીને શું એના જેવું થવુછે." હું તો જાણું તે ત્યાં નહીં હોય તાં તો બીજા ઓરડામાંથી સાંભળ્યું હશે એટલે એના બાપનું પોકર સરાદ મૂકી બેઠીછે. છોકરીને કહ્યું હશે કે મારી પાસે આવીશ માં એટલે તે પણ રીસાઈ બેઠીછે. એ દુક્તીને પણ એનીજ લેહ લાગીછે. **આવાં સારાં કામમાં તે એવાં અપશુકનીયાંનું શું કામ હોય? ક્યાંઈ રડવું પીટવું હોય ત્યાં એનું કામ.**

એકની નીંદા સાંભળી પોતાની તરફથી મસાલો ચડાવી બીજીને કહેવામાં મજે માનનારીઓમાંની માણેકે તે વાત માનકુંવરને પોતાની તરફના અભિપ્રાય સહિત કહી બતાવી. હવે માનકુંવરનો અફસોસ તમે કેમ અટકાવશો?.

વીધવાને માથે એવા હવાલ પાડનારને શું પરમેશ્વર નહી પુછે?
પરાયાં પાપ ધોનારને પ્રભુ નર્કમાં પણ જગ્યા એ આપશે?

અપુર્ણ.

સુજ્ઞ સજનોના ઉદાર આશ્રય ઉપર "આર્ય વિધવાનો બીજો ભાગ" બહાર પડવાનો આધાર રહેલોછે. એ ભાગનું લખાણ પ્રથમ ભાગ કરતાં સેહેલું, સાદું, રસિલું, અને ઉમદી દલીલોથી ભરપુર છે. ખરી ખુબી એ પાછલાં લખાણમાંજ સમાએલી છે. જો કોઈ દેશ દાઝજ્ઞ સખી ગૃહસ્થ એ ભાગ છપાવી લોકોમાં વેહેંચવા ઇચ્છશે તો કાંઈ પણ નફા વિના ઉપકાર સાથે એ લખાણ આપતાં હું અત્યાનંદ પામીશ. બીજો ભાગ આસરે ડમી છ ફાર્મ આઠ પેજી થશે.

અગાઉથી આશ્રય આપનાર કદરદાન સાહેબોના નામનું લીસ્ટ.

પ્રત.	નામ.
૧૦૦	શેઠ લખમીદાસ ખીમજી, જે. પી.
૭૫	શેઠ માધવદાસ રૂગનાથદાસ.
૪૦	શેઠ બેહેરામજી મેહેરવાનજી મલબારી.
૨૫	શેઠ સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઈ.
૨૫	શેઠ ગોરધનદાસ ગોકળદાસ તેજપાળ, જે. પી.
૨૫	શેઠ મંટાઉ મકનજી, જે. પી.
૨૦	શેઠ મોતીલાલ જીવણદાસ.
૨૦	શેઠ જીવણદાસ ધરમસીની કું૦
૨૦	મી૦ થોમ્સ વીટર.
૨૦	શેઠ દ્વારકાંદાસ ધરમસી.
૨૦	રાજુ બાબાજી મીસ્ત્રી.
૧૬	રા. રા. પ્રાણલાલ કાહનદાસ, સીવીલ ઈન્જનેર.
૧૦	શેઠ ત્રીકમજી એતશી બંગાલી.
૧૦	શેઠ ધરમશી કાનજી.
૧૦	શેઠ માધવદાસ ગોકળદાસ લીલાધર પાસતા.
૧૦	શેઠ નારણદાસ જેચંદલાલ.
૧૦	શેઠ કાનજી કરસનદાસ.
૧૦	શેઠ દામોદર કલ્યાણજી હંસરાજ
૧૦	મહંત [illegible] રાગર.
૧૦	શેઠ ભાણજી હીરજી.
૫	શેઠ પરસોતમદાસ દુલભદાસ.

પ્રત.	નામ.
૫	સા. જગજીવન નારણજી.
૫	ભટ લાલજી હરીભાઈ.
૫	શેઠ રૂપસીંગ મથુરાંદાસ લવજી.
૫	શેઠ બાલકીસનદાસ ગંગાદાસ.
૫	શા. ચત્રભુજ હંસરાજ.
૫	શેઠ વસનજી દામોદર.
૪	શેઠ નવરોજજી કાવશાજી.
૪	શેઠ કલ્યાણજી હંસરાજ.
૪	શેઠ અમરશી કચરા.
૪	ડાકટર શાંતારામ વીઠલ.
૪	હીરાચંદ નાગરદાસ દલાલ.
૪	રા. ધોંડુનાથ રૂગનાથ બોટે.
૪	રા. કાશીનાથ એ. કીરતીકર.
૪	શેઠ વસનજી ખીમજી.
૪	શેઠ ધરમશી પરસોતમદાસ.
૨	શેઠ ખીમજી ઓદાણી.
૨	શેઠ વલભદાસ લખમીદાસ.
૨	શેઠ ભાણજી નંદુ.
૨	સા. વ્રજલાલ ડુંગરશી.
૨	વૈદરાજ પ્રભુરામ જીવનરામ.
૨	શેઠ છોટાલાલ આંણદજી.
૨	શેઠ પ્રાગજી જીવરાજ.
૨	ગાંધી મદનજી તારાચંદ.
૨	ડા. પ્રેમજી ગોકળદાસ.
૨	રા. હરીલાલ પ્રાગજી.
૨	શા. ઘેલાભાઈ લીલાધર.
૨	ડા. ડોસાભાઈ નરસી.

પ્રત.	નામ.
૧	ઠા. ધારસી કોરજી.
૧	શેઠ સોરાબજી પેસ્તનજી.
૧	શા. સુંદરજી મોહોનજી.
૧	શેઠ સોરાબજી નવરોજી.
૧	શા. રણછોડદાસ સુરજી.
૧	મી. નારણદાસ લખમીદાસ.
૧	મી. પ્રમાણંદદાસ મુળચંદ.
૧	શા. બેચર મુલજી.
૧	ઠા. નારણજી વાઘજી.
૧	મી. મથુરાદાસ હરીદાસ.
૧	શા. ચત્રભુજ દેવચંદ.
૧	શા. રતનજી રણછોડદાસ.
૧	શા. મુલચંદ નરોતમદાસ.
૧	શેઠ બાપુ મનોરદાસ.
૧	શેઠ પીતાંબર દામોદર.
૧	શા. ઠાકરશી ભાણજી.
૧	ઠા. ભીમજી રણછોડ.
૧	સોની તલકચંદ મુળચંદ.
૧	જોશી હરજીવન જાદવજી.

પ્રત.	નામ.
૧	શા. મદનજી સવચંદ.
૧	ઠા. મોરારજી ખીમજી.
૧	ઠા. કાનજી નરસી.
૧	શા. પરસોતમ હીરાચંદ.
૧	શા. દેવચંદ હંસરાજ.
૧	શા. પ્રીતમલાલ પ્રાગજી.
૧	શા. દેવજી પ્રાગજી.
૧	શા. નારણજી મોરારજી.
૧	શા. મુલચંદ મોહોનજી.
૧	શેઠ હીરજી કાનજી.
૧	શેઠ હંસરાજ વલભજી.
૧	શેઠ જગજીવન વંદ્રાવન.
૧	શેઠ વીઠલદાસ લાધાભાઈ.
૧	શા. કપુરચંદ રૂપજી.
૧	મદ્રાસીવામીલુ અપીયાની કું૦
૧	શા. ત્રીકમજી ખીમજી.
૧	શા. મદનજી વંદ્રાવન.
૧	ઠા. પરસોતમ રતનસી.
૧	શા. નેમચંદ લાલજી.

પછવાડેથી મળેલાં નામો આપી શક્યો નથી તેથી દીલગીર છું.

તૈયાર થાયછે.

અબળા અભ્યુદય.

એ પુસ્તકને માટે ઘણા ગુર્જર વિદ્વાનોના ઉત્તમ અભિપ્રાય મળેલાછે. ભાષા સરળ અને લખાણ ચિત્તાકર્ષક બનાવવા યત્ન કરેલોછે. લખાણ જુસ્સાદાર પણ ગંભીર, દરેક આર્ય ભગનિઓને અધ્યયન કરવા યોગ્ય છે. ' ઉદ્દત સુધારાના અને કુડી રૂઢીના જુના વિચાર જેમ બને તેમ દુર રાખી જમાનાને છાજતા મહાન ફિલસુફોના બુલંદ વિચારોથી એ નાનકડાં પુસ્તકને શુશોભીત કરેલું છે. ઉછરતી ઉછાછળી બાલીકાની કુમળાં મસ્તિકમાં વ્યવહારોપયોગી ડહાપણ ભરવા માટે એવાં પુસ્તકોની આવશ્યકતા ગણાશે. મારાં લખાણને માટે એમ કહેવાનું સાહસ ન કરૂં પણ વિદ્વાનોના અભિપ્રાય માટે એમ કહેવામાં હું અતિશયોક્તિ કરતો ગણાઇશ નહી.

(રજીસ્ટર) આઠ ફાર્મ સોલપેજી ડેમી. કીંમત અગાઉથીજ આઠ આના. પોસ્ટેજ માફ. પાછળથી પોસ્ટેજ એક આનો વધારે પડશે.

પુરતા ગ્રાહક મળ્યા પછેજ છપાવવાનું શરૂ થશે.

આર્ય વિધવાના કર્તા પાસે નામ નોંધાવો.